Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Rg. N. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

कालो दुस्तर आगतो जनमनो भोगेषु मग्नं भृशम् ।
धर्मो विस्मृत आत्मरूपमहहा न ज्ञायते केनचित् ॥
धावन्तीह जना धनाय बहुशः कामाहतास्तद्हृदि ।
'आत्मानन्द प्रकाश' दीपकिरणं प्राप्नोतु शश्वत्पदम् ॥ १ ॥

पु. २०. | वीर सं. २४४९. मार्गशिर्ष आत्म सं. २७ | अंक ५ मो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा-भावनगर.

## વિષયાનુક્રમણિકા.

| વિષય. | પૃષ્ટ. |
|---|---|
| ૧ સંસાર તરંગ. | ૧૦૭ |
| ૨ લક્ષમાં રાખવા યોગ્ય જરૂર નોંધ. | ૧૦૮ |
| ૩ ઘટેલી ધર્મભાવના. | ૧૧૧ |
| ૪ શું એ પ્રભાવ પંચમ આરાનો નહીં ? | ૧૧૫ |
| ૫ દિવ્ય જીવન. | ૧૨૦ |
| ૬ પ્રકીર્ણ. | ૧૨૮ |

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ખાસ વાંચવા યોગ્ય જૈન ઇતિહાસિક ગ્રંથ—

## "શ્રી કુમારવિહાર શતક."

( મૂળ અવચૂરિ અને સવિસ્તર ભાષાંતર સાથે )

આ ગ્રંથના મૂળ કર્તા શ્રીમાન્ રામચંદ્ર ગણિ કે જેઓ કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના મુખ્ય વિદ્વાન શિષ્ય હતા. જેમણે આ ગ્રંથ બારમા સૈકાના અંતમાં બનાવ્યો છે, તેના ઉપર શ્રી સોમસુંદરસૂરિના પરિવારમાં થયેલા સુધાભૂષણ ગણીએ અવચૂરી (સંસ્કૃતમાં) બનાવી છે તે બંને સાથેનું સવિસ્તર ભાષાંતર પણ આ ગ્રંથમાં આપવામાં આપેલું છે. જેમ સંસ્કૃત કાવ્યની દૃષ્ટિએ આ ગ્રંથ પ્રતિભાવાન છે, જૈન સાહિત્યનું ઉચ્ચ સ્વરૂપ છે, તેમ જૈન ઇતિહાસની દૃષ્ટિએ તેરમા સૈકામાં જૈનોની જાહોજલાલી, ગૌરવતા, પ્રાચીનતા, પ્રભાવશિલતા બતાવનાર પણ આ એક અપૂર્વ ગ્રંથ છે. કારણ કે આ ગ્રંથમાં ગુર્જરપતિ જૈન મહારાજા શ્રી કુમારપાળે અણહિલપુર પાટણમાં પોતાના પિતાશ્રી ત્રિભુવનપાલના નામથી બનાવેલ પ્રાસાદ ( જીનમંદિર કે જેમાં શ્રીમાન્ હેમચંદ્રસૂરિએ શ્રી પાર્શ્વનાથ પ્રભુ પ્રતિષ્ઠિત કરેલ છે; તે ચૈત્યમંદિરની અદ્ભુત શોભાનું ચમત્કારિક વર્ણન આપેલું છે. આ પ્રાસાદમાં બ્હોંતેર દેવકુલીકા હતા. ચોવીશ રત્નની, ચોવીશ સુવર્ણની, ચોવીશ રૂપાની અને ચોવીશ પીતળની, તેમ અતિત અનાગત અને વર્તમાન કાળનાં પ્રભુપ્રતિમા હતા. મુખ્ય મંદિરમાં એકસોચોવીશ આંગળ ચંદ્રકાન્તમણીની પ્રતિમા હતા. મંદિરનું બાંધકામ, રચના, તેનું ચિત્રકામ–શિલ્પકામની અપૂર્વ સુંદરતા એટલી બધી છે કે જે આ ગ્રંથ વાંચવાથી આત્માને અપૂર્વ આનંદ સાથે કુમારપાળ રાજાની દેવભક્તિ માટે આશ્ચર્ય ઉત્પન્ન થાય છે; સાથે તે વખતનો ઇતિહાસ પણ જાણવામાં આવે છે. ગ્રંથ ખરેખર વાંચવા–જાણવા જેવો છે.

આ ગ્રંથ લાંબો સમય સચવાય તે માટે ઉંચા ઇંગ્લીશ આર્ટપેપર ઉપર સુંદર ટાઇપમાં છપાવેલ છે. તમામ લાભ લઇ શકે તે માટે પ્રત આકારમાં છપાવેલ છે પાટલી પણ ઉંચા કપડાની કરવામાં આવેલ છે છતાં કિંમત રૂા. ૧–૮–૦ પોસ્ટ ખર્ચ જુદો.

લખો—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

---

# ગ્રંથાવલોકન.

**આગમસારોદ્ધાર અધ્યાત્મ ગીતા**—અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ તરફથી આ ગ્રંથ અભિપ્રાય માટે ભેટ મળેલ છે. શ્રીમાન્ બુદ્ધિસાગરસૂરિજી ગ્રંથમાળાનો નં. ૫૭ ૫૮ આ ગ્રંથ છે. આ બંને ગ્રંથોના કર્ત્તા શ્રી દેવચંદ્રજી મહારાજ છે તેમજ શ્રી કુંવર્યાવિજયજી મહારાજની કૃતિનો અધ્યાત્મ ગીતાના ટબા સહિત આ બંને સાથે છપાવેલ છે. "પુષ્પ પૂજા" તથા "ગુણસ્થાન વિચાર" આ બે વિષય આ ગ્રંથમાં વધારે દાખલ કરવામાં આવેલ છે. શ્રી કુંવરવિજયજી કૃત અધ્યાત્મ ગીતા નો ટબો વિસ્તૃત હોઇ ઉપયોગી છે. આ ગ્રંથ મૂળ કિંમતથી અડધી કિંમતે ( માત્ર ૭ આના ) રાખવામાં આવેલ છે. શ્રીમાન્ દેવચંદ્રજી મહારાજની કૃતિના અનેક ગ્રંથો આ સંસ્થા તરફથી પ્રકટ થયેલ છે આ પ્રકારે જૈનસાહિત્યની અભિવૃદ્ધિ ઇચ્છવા યોગ્ય છે.

**શેઠ દેવચંદ લાલભાઇ જૈન પુસ્તકોદ્ધાર ફંડનો સં. ૧૯૭૬ની સાલનો રીપોર્ટ**—હિસાબ સાથે અમોને મળ્યો છે. આ ખાતા તરફથી કુલ ગ્રંથો આગમો વગેરે ૫૫ પ્રસિદ્ધ થયા છે. કેટલીક કોપીયો ભંડારો તેમજ સાધુ મુનિરાજોને ભેટ અપાય છે બાકીની મૂળ કિંમતે વેચાય છે જે પૈસા આ ફંડ ખાતામાં બીજાં પુસ્તકો પ્રસિદ્ધ કરવા ખાતે જમે લઇ જવાય છે. આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

॥ परोपकारः सम्यक् क्रियमाणो धीरतामभिवर्धयति, दीनतामपकर्षति, उदारचित्ततां वित्ते, आत्मम्भरितां मोचयति, चेतोवैमल्यं वितनुते, प्रभुत्वमाविर्भावयति; ततोऽसौ प्रादुर्भूतवीर्योल्लासः प्रणष्टरजोमोहः परोपकारकरणपरः पुरुषो जन्मान्तरवप्युत्तरोत्तरक्रमेण चारुतरं सन्मार्गविशेषमासादयति ॥

पुस्तक २० ] वीर संवत् २४४९ मागशर. आत्म. संवत् २७. [ अंक ५ मो.

## संसार तरंग.

( હરિગીત. )

आशा अने तृष्णा— (१)

પ્રાણી સહુ ભવ વાસ સરિતા સ્રોતમાં ખેંચાય છે,
આશા અને તૃષ્ણા તણા સંગમ વિષે અથડાય છે;
ચાલે પ્રતિ શ્રોતે તિહાં મુનિ રાજહંસ સુસાધ્યથી,
લૌકિક માર્ગ ત્યજિ ગૃહે લોકોત્તર સદ્ભાગ્યથી.

मोरलीमां लयलीनता— (२)

દેખો મદારી મોહની આ મોરલીના તાનમાં,
નિજ આત્મધર્મ ત્યજિ બન્યા લયલીન તેના ગાનમાં;
પુદ્ગલ વિષે લયલીનતા તેહવી પ્રભુપદપર કરે,
સદ્ધ્યાનથી ધ્યાતા ખરેખર ધ્યેયને સહજે વરે.

રા. રા. વેલચંદ ધનજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન કેળવણી સંસ્થા તથા સમાજના ઉદય માટે કાર્યવાહકો વિગેરે સહુએ લક્ષમાં રાખવા યોગ્ય જરૂરી નોંધ.

( લે૦-મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ. )

૧ દરેક જૈને પોતાની આજીવિકાનું સાધન પોતાની મેળે ગમે તે રીતે પ્રાપ્ત કરી લેવું જોઇએ, પછી ભલે મજુરી કરીને તે કરવું પડતું હોય તેની ફીકર નહીં.

૨ ત્યારબાદ બચતા વખતનો ને બચતી શક્તિનો ઉપયોગ ધાર્મિક શિક્ષણમાં અને ધાર્મિક થવામાં કરવો જોઇએ.

૩ ધાર્મિક શિક્ષણ આપવામાં રોટલો પેદા કરાવી આપવાની લાલચ ધાર્મિક ભાવનાને કલંક લગાડે છે, માટે જેઓએ સ્કૂલો છોડી હોય કે છોડવાના હોય લગભગ મેટ્રીકની આજુબાજુ અભ્યાસ હોય એટલે અંગ્રેજી ચાર કે પાંચથી લઇને મેટ્રીક કે ત્યારપછીના એકાદ બે વર્ષવાળા વિદ્યાર્થીઓમાંથી નીચેની સરતે ઉમેદવારો પસંદ કરવા જોઇએ.

૪ કલાક કે બે કલાક કે ત્રણ કલાક એવું કામ કરવાનું શીખેલ હોય કે શીખી લે. કે જેથી પોતાનો હંમેશનો ખર્ચ તેમાંથી કાઢી શકે અને કરકસરથી રહી શકે. તેવી વૃત્તિવાળા જૈન યુવકોને મેળવી લેવા અને તેના આગેવાનોએ પણ તે પ્રમાણે ઘણે ભાગે વર્ત્તવું જોઇએ અને ઉપરાંત ત્રુટી રહે તેટલા પુરતુંજ ખર્ચ સંસ્થામાંથી લેવું ઘટે.

૫ ઉપરના વિદ્યાર્થીઓ જાત મહેનતવડે ધાર્મિક તથા શરીરબળ કેળવી સારી રીતભાત વિગેરેથી ટેવાઇ જાય તેવું સંસ્થાનું અને સંસ્થાના શિક્ષકોનું વર્ત્તનજ હોવું જોઇએ.

૬ ઉપરની બાબતનું પુસ્તકનું શિક્ષણ નહિંજ, પરંતુ ટેવાઈ જવાનું જોઇએ. ગમે ત્યાં ચાલીને જવું હોય, બોજો ઊપાડવો હોય, વિગેરે બાબતોમાં વિદ્યાર્થી કસાઈ જવા જોઇએ. જેથી કોઇના આધારે નકામું બેસી રહેવું ન પડે અને મનધાર્યું કામ વખતસર સરલતાથી નિયમિત થવા પામે.

૭ ઉપરાંત–દુનિયાદારીના ભિન્ન ભિન્ન વિષયોનું અમુક અમુક વખતે જ્ઞાન આપવું. તેની સાથે સાથે જૈન તત્ત્વજ્ઞાનનું જ્ઞાન આપવું. પ્રથમ સામાયિક ભલે ન કરે, પરંતુ જે જૈન આચાર પાળે તે બરાબર જીવનમાં ઘડાઇ જાય તેવી રીતે પાળે–પાળતાં શીખે.

૮ જેમ જેમ ઇચ્છાશક્તિ વધતી જાય તેમ તેમ સહુ સંયમના નિયમો વધારે પાળતા જાય. આ બધો આધાર શિક્ષકો ઉપર છે. અશકય જણાય છતાં શિક્ષકો ધારે તો અને પોતાનામાં ઇચ્છાશક્તિ મજબૂત હોય તો આગળ આગળ ગમે તેવા વિકટ પ્રસંગોમાંથી પણ વિદ્યાર્થીઓને આનંદપૂર્વક ખેંચી પાર ઉતારે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૯ આ રીતે સદ્‌ભાવથી વિદ્યાર્થીઓ અને શિક્ષકો પોતાનું કામ શરૂ કરે અને તેમાં મુશ્કેલીયો વચ્ચે માર્ગ કર્યે જતા હોય, તેવે પ્રસંગે એવા ભવિષ્યના પુરૂષો ઘડવાના કામમાં લાગેલ મંડળને પોતાની ફરજ સમજીને ભક્તિપૂર્વક સેવા બુદ્ધિથી મદદ કરવા સમાજના આગેવાનોએ દોડી જવું ઘટે, વળી તેની સન્માન-પૂર્વકની સહાય સ્વીકારવામાં વિદ્યાર્થીઓનું મહત્ત્વ છે અને તેવા વિદ્યાર્થીઓજ સ્વપરનું દાલદર ફૂંકી શકે, બાકી તો આશ્રિતતા વધી જવાની, તથા જવાબદારીનું ઉત્તમ તત્ત્વ ઘટી જવાનું.

૧૦ આવી રીતે વિદ્યાભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જરૂર પૂરતી મદદ પહોંચાડવી એજ સમાજનું કર્ત્તવ્ય હોવું જોઇએ. મદદ લેતા વિદ્યાર્થીઓના મગજમાં જરા પણ ન રહેવું જોઇએ કે હું કોઇના ઉપકાર તળે દબાઉં છું. તેણે દેશ સમાજ અને પોતાના પ્રત્યેની ફરજ સમજીને વિદ્યાભ્યાસ કરવો જોઇએ. આવું જે ન સમજતા હોય તે ભલે અભ્યાસ ન કરે તેમાં કાંઇ નુકસાન નથી..

૧૧ આજ સુધી આપણે વ્યવહારૂ માર્ગ લેવાની ઈંગ્રેજી રાજનૈતિક ચાવીને વળગી રહીને સિદ્ધાન્તોનો ત્યાગ કરતા થયા તેમ તેમ પડતા—પતિત થતા ગયા. એક સારામાં સારા સિદ્ધાન્ત ( નિશ્ચિતમાર્ગ ) ને લક્ષમાં રાખીને કામ કરવાનું ભૂલતા ગયા. પરંતુ હવે એવો વખત આવ્યો છે કે નિશ્ચિત માર્ગે ચાલવું મુશ્કેલ હોય, છતાં પણ મરણના ભોગે પણ તે માર્ગ પ્રાપ્ત કરવો જોઇએ. એ અશકિતને લીધે વ્યવહારૂતાને સૌ વળગ્યા અને સિદ્ધાંત વાત કોરે મૂકતા ગયા તેમ તેમ આપણું અડગ ધૈર્ય ખવાતું ગયું. આવી જાતની એક અશકિત પેદા થઇ, જે દૂર કરવા ભગીરથ પ્રયત્ન કર્યેજ છૂટકો.

૧૨ મારા આ વિચારો સામે એવા વિચારો આવશે કે આ બધી બાબત હાલ જરૂરની નથી. પરંતુ આપણે એવું કરવું જોઇએ કે વિદ્યાર્થીઓ સારી રીતે અભ્યાસ કરી શકે. ભિન્ન ભિન્ન લાઇનોમાં કુશળ થઇ શકે. બીજી સ્કૂલોમાં કે કૉલેજોમાં ભાગ લઇ શકે. એવી ભૂમિકાવાળા તૈયાર થાય. અને તેવા તૈયાર થાય માટે હાલ અપાય છે તેના કરતાં બહોળા પ્રમાણમાં સાધનો આપવાં. આવા કોઇ નિર્ણયપર આવશે.

૧૩ અમુક કેળવણી સંબંધી સંસ્થામાં પુષ્કળ ખર્ચ થવા છતાં ધાર્યું ફળ—પરિણામ મળી ન શકે તેમાં બાહોશ સંચાલક તથા ખરા દીલસોજ શાસનપ્રેમી શિક્ષકો હોવાની ખામી મુખ્ય કારણ લેખી તેવી ગંભીર ખામી જલ્દી દૂર કરવા બનતો પ્રયત્ન કરવો જોઇએ.

૧૪ બીજો સુધારો એ કરવો ઘટે કે બહુધા વિદ્યાર્થીઓ માટે ફંડમાંથી ખોરાક પૂરો પાડવામાં આવે છે તેને બદલે વિદ્યાર્થીઓ કંઇ પણ પોતા માટે જાતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્પન્ન કરી શકે તેવી સ્થિતિમાં તેમને મૂકવા જોઈએ, એટલે બે ત્રણ કલાક કામ કરતાં તેઓ પોતાનું ચાલુ ખર્ચ નભાવવામાં મદદગાર થઇ શકે. ભલે કદાચ એમ કરતાં અભ્યાસક્રમ થોડો વધારે વખત લંબાય તેમાં પરિણામે અમને મોટો લાભ જણાય છે.

આસપાસના સ્થિતિ-સંયોગો તપાસી વિદ્યાર્થીઓથી સહેજે બને અને તેઓ સ્વાત્માવલંબી-સ્વાશ્રયી નીવડે એવાં ગમે તે નિર્દોષ પ્રાયઃ કામ શીખવી તેમને કુશળ બનાવવામાં સ્વપરની ઉન્નતિ રહેલી છે.

૧૫ સુખશીલીયાપણાની ગંધ તેમનામાંથી તદ્દન ઉડાવી દેવી જોઈએ તથા સેવાધર્મ રસિકતામાં તેમનામાં ખૂબ જોશભર ઉલ્લાસથી પ્રગટાવવી જોઈએ અને તેમને સંસ્થા મધ્યેજ સ્થાનિક સેવા કરતાં કરી દેવાજ જોઇએ.

૧૬ સેવાધર્મ સંબંધી પુસ્તકાદિકમાંથી વાંચે જાણે એટલાથીજ બસ નથી. અંતઃકરણથી તેના લાભ સમજી તેનો આદર કરે, પ્રગટ આવતા ( મળતા) લાભને જતો નજ કરે એજ ખરી કેળવણી લેખાય. પ્રથમ ન કર્યું હોય તેને આવું કામ કરવું કદાચ મુશ્કેલ તો પડેજ. પરંતુ એવાં કામ રસપૂર્વક કરતાં રહેવાથી બધી મુશ્કેલીઓ આપોઆપ અળપાઇ જાય અને ઉલટો અપૂર્વ આનંદ પેદા થાય. તેથીજ ધૈર્ય રાખી આવી અનેક કસોટીઓમાંથી પસાર થતાં શીખવું એ સહુ વિદ્યાર્થી વર્ગને ભારે જરૂરનું લેખાય. તેથી ઠીકજ કહેવાય છે કે ‘ કસાવું તેજ કેળવાવું ’ એમ કરતાં કાર્યદક્ષતા-કુશળતા આવે. પછી બચતા વખતનો અને બુદ્ધિ-શકિતનો ઉપયોગ સ્વપરને અધિક હિતાવહ શુભ માર્ગે સુખે કરી શકાય, અને એમ કરવું જરૂરનું પણ છે.

૧૭ આ બધું શાળામાં કાયદા રચવા માત્રથી બની ન શકે, પરંતુ વિદ્યાર્થીઓની આજુ બાજુ એવું મનહર વાતાવરણ ઉભું થવું જોઇએ.

૧૮ આવી વૃત્તિવાળા વિદ્યાર્થીઓ અને શિક્ષકો મેળવવા મથવું જોઇએ. એથી થોડા ખર્ચમાં ઘણું સારૂં સંગીન કામ કરી શકાશે. તેમ છતાં કોઇ તેવા આવી પડતા સંયોગોને પહોંચી વળવા સંસ્થાના નાણાંનો જરૂર પૂરતો ઉપયોગ કરવો પડે, તે પણ શકિત વધારવાના કામમાં. ધારેલી શકિત ખીલ્યા પછી તો તે પણ નિયમવું ઘટે. આવું થાય-કરી શકાય તોજ જૈન પાઠશાળા, વિદ્યાલયાદિક ધાર્મિક સંસ્થા કાઢવાની સાર્થકતા. અન્યથા તો પરાશ્રિતતા-પરાધીનતા વધતી જતી ભાગ્યેજ અટકવાની.

ઈતિશમ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન બન્ધુઓને વિજ્ઞપ્તિ

૧

" સવિ જીવ કરૂં શાસન રસી, એસી ભાવ દયા મન ઉલ્લસઇ "

પરંતુ

" सेवाधर्मो परमगहनो, योगिनामप्यगम्यः "

તોપણ

" शुभे यथाशक्ति यतनीयम् "

## ઘરેલી ધર્મ ભાવના

શું લખું ? શું વિનવું ? જૈન બંધુઓ મારો અવાજ સાંભળશે ? અરણ્ય રૂદન તો નહીં થાય ?

થવું હોય તે થાય, સાંભળવું હોય તે સાંભળે; પરંતુ અવાજ પોકાર્યેજ છુટકો. કારણ ?

કારણ એટલુંજ કે હું આપણામાંનો એક હોઈ, જે બાબતમાં આપણે ચેતવું જોઇએ તે બાબતમાં ન ચેતાવું તો મારી ફરજ ચુકયો ગણાઉં.

પરંતુ બંધુઓ ! આડી અવળી વાતો કરી, લાંબા લાંબા લખાણો કરી તમારો વખત રોકીશ નહીં, તમારી બુદ્ધિ ભમાવીશ નહીં, આપણા દરેક માટે જે માર્ગો સારામાં સારા જણાશે, તે સૂચવીશ, સમજાવીશ ને વિનવીશ.

તે વાંચવા કે ન વાંચવા, વિચારવા કે ન વિચારવા તે તમારા અધિકારની વાત છે, સૌની પોતાની મરજીની વાત છે. પરંતુ અવાજ પોકાર્યેજ છુટકો.

વીર બાળ ! તું બાળક હો કે વિદ્યાર્થી હો ! યુવક હો કે ધંધાદારી હો; વૃદ્ધ હો, કે ધર્મચુસ્ત ધાર્મિક પુરૂષ હો, બાળા હો કે ગૃહિણી હો; વૃદ્ધા હો કે વિધવા હો; પૂજ્ય ભિક્ષુ હો, કે પૂજ્ય ભિક્ષુણી હો; જે હો તે છો હો, પરંતુ એકાંતમાં શાંતિમાં વિચાર કરજે કે–શું થયું ?

**શું થયું એટલે ?**

શું થયું એટલે દશવીશ વર્ષમાં જે મોટો ફેરફાર થયો તે. શું તે ફેરફાર તમે નથી જોઈ શકતા ?

જે ફેરફાર થયો છે, તેજ તમારી નજર આગળ લાવવા માગું છું; એજ બાબત ચેતવવા ઇચ્છું છું અને તેજ બાબત માટે જાગૃત કરવા માગુ છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ચેતિશું ? જાગિશું ? જાગિએ, જાગિએ, હવે જાગિએ. પ્રાતઃકાળ શરૂ થયોછે.**

દશ વીશ વર્ષમાં શો મોટો ફેરફાર થયો ? તે સમજાવો.

**વીર બાળ !** તું જે હો તે છો હો. પરંતુ એકાંતમાં શાંત ચિત્તે વિચાર કરી જો, કે દશવીશ વર્ષ પહેલાં ધર્મની જાહોજલાલી જેવી જોવાતી હતી, તેવી આજે જોવામાં આવે છે ?

**હા, તેથી પણ સારી દેખાયજ છે, જુઓ.**

દશ વીશ વર્ષમાં અનેક જનો સામાન્ય સ્થિતિમાંથી સદ્‌ગૃહસ્થની સ્થિતિમાં આવ્યા, અનેક તીર્થ સ્થળોનો ઉદ્ધાર થઇ ઉજ્જવળ જીનગૃહોથી મંડિત થયા, અનેક યુવક વિદ્યાભ્યાસ કરી વિદ્વત્તા મેળવી રહેલ છે. અનેક જાતનાં ધાર્મિક, વ્યવહારિક, પુસ્તકો બહાર પડી રહ્યા છે, જેનો લાભ સર્વ સાધારણ વર્ગ મેળવી રહેલ છે. અનેક જાતની ભિન્ન ભિન્ન સંસ્થાઓ ખોલાઇ રહી છે, સ્ત્રીઓ, ને બાળાઓ માટે સંસ્થાઓ સ્થપાઇ રહી છે. ધનસંપત્તિ વધવાને લીધે ધાર્મિક ઉત્સવોમાં ઉદારતા પૂર્વક ધન ખર્ચાય છે. શું આ બધી બાબતોમાં તમને ધર્મની જાહોજલાલી નથી જણાતી.

ના, ના, નથી જણાતી. જોકે બાહ્ય સામગ્રી વધી છે, પરંતુ તેની પાછળ જે ધર્મ પ્રેમ, લાગણીનો જોસ, વિગેરે હતા તે કયાં છે ? જેમ જેમ અંતરબળ ઘટતું ગયું તેમ તેમ બાહ્ય ચળકાટ વધતો ગયો. એજ સાબિત કરે છે કે ધર્મ ભાવનાનો પ્રવાહ (પૂર્વ કાળની અપેક્ષાએ ઘણો ઓછો, પરંતુ આજ કાલની અપેક્ષાએ ઘણો જોસવાળો) આપણા હૃદયમાં વ્હેતો હતો, ઉછળતો હતો, તે મંદ પડયો છે. હૃદયમાં શુષ્કતાનો લવલેશ સંચાર થયો હોય તેવું નથી જણાતું ?

થોડું ભણતાં, ઘણું આચરતાં; ઘણી સંપતિઓ સાદાઇ વધારે હતી. મુનિ મહારાજોઓને ચાતુર્માસ માટે વિનંતિની તીવ્રતાઓ, તેઓનું પધારવું અને દરેકનું આનંદમાં ગરકાવ થવું, વ્યાખ્યાનાદિકમાં સંભળાય કે ન સંભળાય, સમજાય કે ન સમજાય પરંતુ શ્રદ્ધા પૂર્વક જવું, ગુરૂ તપસ્વી વિગેરેની સેવા ભક્તિ વિગેરેમાં એક સરખો શો ભક્તિ પ્રવાહ ! આ વિગેરે વર્તન એવાને એવા ચાલુ છે. છતાં તેની પાછળ જે ધર્મ ભાવનાનો જોસ હતો, તે માત્ર મંદ પડયો છે, નાશ નથી પામ્યો. એટલુંજ માત્ર મારે કહેવાનું છે. દશ વીશ વર્ષ પહેલાં ધર્મ પ્રેમ આપણા દરેકનાં હૃદયમાં છલાછલ ઉભરાતો હતો. તેમાં મંદતા આવી છે. આ વાતનો અનુભવ દરેક વીરબાળને થયા વિના રહેશે નહીં

દરેક શાંતિથી વિચાર કરજો અથવા તમારી આજુ બાજુની સમજુ વ્યક્તિ સાથે ચર્ચા કરશો તો ચોક્કસ જણાશે કે "આપણામાં પુર્વે ધર્મ ભાવનાનું જે જોસ હતું તેમાં થોડે ઘણે અંશે પણ કંઇક ફેર પડયો છે."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ માત્ર દરેકના પોતપોતાના અનુભવનો વિષય છે. સૌ પોતાની મેળે, જાતેજ અનુભવ વિચારી જુએ, તોપણ જણાય તેમ છે એવું બન્યું છે કે ન રહી અંધ શ્રદ્ધા કે ન આવી સાચી શ્રદ્ધા.

બીજી રીતે વિચાર કરતાં જે ધર્મ પ્રેમ વૃદ્ધમાં હશે, તે હાલના યુવકમાં આવેલો નહીં જણાય, અને જે યુવકમાં હશે તેવો ધર્મ પ્રેમ બાળકમાં નહીં જણાય. મોટી ઉમરની સ્ત્રીઓમાં છે તેવો ધર્મ પ્રેમ અભ્યાસ કરતાં છતાં બાળામાં નહીં જણાય. કોઇ વૃદ્ધ કરતાં કોઇ બાળકમાં, અને કોઇ પ્રૌઢ બાઈ કરતાં કોઇ બાળામાં કદાચ આજુ બાજુના સારા સંસ્કારોના વારસાને પરિણામે ધર્મ પ્રેમ વધારે હોય એવું બને, પરંતુ એકંદર સામાન્ય ધોરણે વિચાર કરતાં ઉતરોત્તર ધર્મનો જોસ મંદ મંદ જણાય છે. શું આ રીતે ધર્મ ભાવનાને આપણે ઘટવા દઈશું ? નહીં, નહીં; કદી નહીં.

સાધર્મી બન્ધુ,
પ્રભુદાસ બેચરદાસ પારેખ.

## કેટલાક પ્રશ્નોના ઉત્તર.

**૧ ધર્મ ભાવના એટલે ?**

આપણે જે ધર્મને માન આપતા હોઇએ તે તરફ પ્રેમ લાગણી. આવી પ્રેમ લાગણીનું જોસ એ ધાર્મિકતાનું પ્રથમ લક્ષણ છે.

**૨ આપણી ધર્મ ભાવના પહેલા કેવી હતી ?**

પહેલા એટલે દશવીશ વર્ષ પહેલાંનો અને હાલની પરિસ્થિતિનોજ મુકાબલો કરવા ઇચ્છું છું. એટલે હાલ કરતાં ધર્મ પ્રેમનો જોસ પહેલાં વધારે હતો.

દરેક ભાઇ પોતાનાં હૃદય ઉપરથી પોતાના શહેર કે ગામના વાતાવરણ ઉપરથી ખાત્રી કરીને જરૂર કહી શકશે કે પહેલા કેવો હતો, ને હાલ ધર્મ પ્રેમ કેવો છે ?

આ પ્રશ્ન જુના નવા વિચારના દરેકે વિચારવાનો છે. જેમને ધર્મ ઉપર પુરો પ્રેમ છે તેમને આ સ્થિતિ કેમ પાલવે ?

**૩ ધર્મ પ્રેમ ન હોય તો નુકશાન શું ?**

ધાર્મિકતાનો આધાર ધર્મ પ્રેમ ઉપર હોય છે. અને ધર્મ પ્રેમ હોય તોજ જીવન નૈતિક અને ન્યાયી બને છે. દશવીશ વર્ષ પહેલાના લોકોનાં હૃદયો આપણા કરતાં વધારે નૈતિક અને ન્યાયી હતા. કેટલાકને એમ જણાશેકે આપણા કરતાં તેઓ નૈતિક અને ન્યાયી ઓછા હતા. પરંતુ એમ માનવું એ ગંભીર ભૂલ છે. કારણકે એ વખતના લોકોનું જે જાતનું જીવન હતું, આજુબાજુની જેવી પરિસ્થિતિ હતી, તેના પ્રમાણમાં જરૂર તેઓ નૈતિક હતા. અને સમાજમાં કોઇનું અનૈતિકપણું સાંખી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકતા નહીં, આપણને લાગે છે કે તે વખતના લોકો એક બીજાને નિંદતાં અને એકબીજાના દોષો જોવામાં વધારે વખત ગાળતાં એ પણ એક જાતનો વ્હેમ છે. તેઓ નિંદતા નહીં, પરંતુ પોતાના સમાજમાંના કોઇ પણ વ્યકિતની નાની કે મોટી નૈતિક ભૂલ સાંખી શકતા નહીં. આ અંતરનો અવાજ નિંદા રૂપે આપણને જણાયો જોકે ક્રોધ અને અભિમાનની લાગણીનું મિશ્રણ હતું તે ઈચ્છવા લાયક ન ગણાય.

ઘણોજ વિચાર કરતાં બરાબર જણાય તેમ છે કે—આર્થિક વિગેરે સગવડના જોર ઉપર ગમે તેવાં ધાર્મિક કામો કરવામાં આવેછે તેના કરતાં તદ્દન સાદી સગવડવાળો પુરૂષ પોતાનાથી બને તેટલું પુરેપુરા ભાવથી કરે તો તે પ્રથમના કરતાં વધી જાય છે. દાખલા તરીકે કુમારપાળ મહારાજાની પૂર્વ ભવની સ્થિતિનો વિચાર કરતા જણાશે કે પૂર્વ ભવમાં તેમની સ્થિતિ, ને પાંચ કોડીની પ્રાપ્તિ. એક ગરીબ માણસ પાસે એક પાઇ ન હોય, ને તેને કંઇ પણ મળી જાય, તો તેના મનમાં તેની કિંમત કેટલી બધી હોય ? પોતાની સ્થિતિની અમૂલ્ય મિલ્કત સમાન પાંચ કોડીના ફુલ લઈ જીનેશ્વર પ્રભુની ભકિત કરી.

આ ભકિતની કિંમત વધારે કે એક કરોડપતિ ઝવેરાતની આંગી સ્હેજ રચાવે તેની કિંમત વધારે ?

અર્થાત્ દશવીશ વર્ષ પહેલાં લોકો સાદી, ને ટુંકી સામગ્રીના પ્રમાણમાં મોટે ભાગે વધારે નૈતિક, ન્યાયી, અને ધાર્મિક હતા. ત્યારે હાલ આપણે સામગ્રીના પ્રમાણમાં મોટે ભાગે ઓછા નૈતિક, ન્યાયી અને ધાર્મિક છીએ. આ રીત આમને આમ ચાલુ રહે તો પચ્ચાસ વર્ષે કેટલો ફેર પડશે તેની વાચક વર્ગ કલ્પના કરી લેશે, અને એટલો નિશ્ચય કરી શકે કે હજુ વૃદ્ધોમાં ભાવના ઘણે અંશે જાગૃત છે, પરંતુ નવી પ્રજામાં ઘટી છે, અને ઉત્તરોત્તર નવી પ્રજામાં ઘટતી જશે, અને પચાસ વર્ષે આ પચ્ચીસ વર્ષમાં આવ્યું તેના કરતાં વધારે ગંભીર પરિણામ આવશે. એ વાતનો બરાબર ખ્યાલ જો એકજ વ્યકિતને થાય તો જો તે ખરેખરો પુરૂષ હોય અથવા તે ખરેખર સ્ત્રી હોય તો, તેનો ઉપાય કર્યા વિના જરાપણ જંપે નહી. જો આ ખ્યાલ કોઇ પણ સંઘ કે સમુદાયના ધ્યાનમાં આવી જાય, અને જો તે પોતાના ધર્મ માટે લાગણી ધરાવતો હોય તો તે ગમે તેટલે ભોગે પણ ધાર્મિક ભાવના જાગૃત કરવાના ઉપાય લીધા વિના જરૂર ન રહે.

પ્ર બે—પારેખ પાટણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન બન્ધુઓને વિજ્ઞપ્તિ.

## શું એ પ્રભાવ પંચમ આરાનો નહીં?

"સવિ જીવ કરૂં શાસન રસી, એસી ભાવ દયા મન ઉલ્લસઈ."

પરંતુ

'सेवाधर्मो परमगहनो योगिनामप्यगम्यः"

તોપણ

शुभे यथाशक्ति यतनीयम्."

ઘટી છે ધર્મ ભાવના ખરી, તેમાં મીન મેખ નહીં જરી, પરંતુ તેમાં આપણે શું કરીએ ? એ પ્રભાવ પંચમ આરાનો, કળીયુગનો છે. કાળદોષે કરી, આયુષ્ય, બળ, નીતિ, ધર્મ વિગેરે ઝાંખા થશે, એવું શ્રી વીરવચન છે, તે શું ખોટું ?

નહીં, નહીં, કદાપિ શ્રી વીરવચન ખોટું હોઇ શકેજ નહીં. એ શ્રી ભગવાન્ ત્રિકાળદર્શીના વચનમાં જરાપણ જુઠાણું નજ સંભવે, પરંતુ આપણી સમજ શક્તિનો દોષ તો અવશ્ય સંભવે, કેમકે આપણે છદ્મસ્થ રહ્યા.

આયુષ્ય, બળ, નીતિ, ધર્મ, જ્ઞાન વિગેરે ઝાંખા થશે, એવું શ્રી વીરવચન છે, તેનો અર્થ આ પ્રમાણે સમજવો જોઇએ.

'ભગવાન મહાવીર પ્રભુના સમયના મનુષ્યોમાં જ્ઞાન, સરળતા, આત્મકલ્યાણ કરવાની પ્રબળ ભાવના, અડગ ધૈર્ય, નિર્ભયતા, સત્યપરાયણતા, વિગેરે ગુણો જેવાં દીપતા હતા, તેમાં અનુક્રમે ઝાંખાશ આવવાની.' એ પ્રમાણે પ્રભુજીના નિર્વાણ પછી ધીમે ધીમે ઉપરના ગુણો ઝાંખા થયા છે, સંયમ શક્તિ ઘટી છે, અને ભવિષ્યમાં ઉત્તરોત્તર તે ઘટતાં જશે, એ પણ ખરૂં. આપણે ગમે તેટલી મહેનત કરીશું, તોપણ મહાવીર સ્વામીના સમયમાં જે જે ગુણો જેવાં જેવાં દીપતા હતા, તે પાછાં તેવાંને તેવાં પ્રકાશમાં આવે, એ વાત ચાંદરણીમાં અર્થાત્ એ બની શકે તેમ નથીજ.

કેમકે એ ઘટાડો કાળદોષને લીધે, પંચમ આરાને પ્રભાવે થયો છે. તે સદાને માટેજ થયો છે, એમ સમજવું.

શું આપણે ગમે તેટલા પ્રયત્નો કરીએ તોપણ ભગવાન મહાવીર જેવા મહા પુરૂષો આ કાળમાં મળી શકશે ? અરે એતો દૂર રહ્યા, પરંતુ ભગવાન ગૌતમ સ્વામી જેવા, ભગવાન સુધર્મા સ્વામી જેવા, શ્રી ભદ્રબાહુ સ્વામી જેવા મહાજ્ઞાની, સ્થુલભદ્રસ્વામી જેવા મહા સંયમી, ને ધન્નાશાળીભદ્ર જેવા મહા ત્યાગી પુરૂષો મેળવી શકીશું ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ કાળમાં તેવા પુરૂષો મેળવવાનું અશક્ય છે. તેવું આપણું ભાગ્યબળ નથી. અને કાળદોષ પણ તેવોજ છે. છતાં મધ્યમ કોટિના સાત્વિક પુરૂષો અવશ્ય મેળવી શકીયે.

ભગવાન મહાવીર સ્વામીના વચનોની સમજ ઉપર પ્રમાણે છે, તેનો સાર એ છે કે–જે શક્તિ તેઓશ્રીના વખતમાં હતી, તેવીને તેવી શક્તિ આ કાળમાં કોઇ રીતે આવી શકે તેમતો નથીજ. ઉલટું તેથી એ ઉત્તરોત્તર આયુષ્ય વિગેરે ઘટતાં છે, એવાં તેઓશ્રીના વચનો બરાબર સર્વથા સત્યજ છે,

પરંતુ દશવીશ વર્ષમાં ધર્મ ભાવના ઘટી છે, તે પંચમ આરાનો પ્રભાવ નથી, વીશ વર્ષમાં આટલી બધી હાનિ પંચમ આરો કરી નાંખે તેટલો એ ક્રૂર નથી. પંચમ આરો ઓછાશ કરે છે, તે એટલી બધી ધીમી ગતિએ કરે છે, કે જે આપણા ખ્યાલમાંજ ન આવે.

ઘણા વખતની થયેલી હાનિનો સરવાળો કરીએ ત્યારેજ માલૂમ પડી શકે કે, પંચમઆરાએ આટલા પ્રમાણમાં નુકસાન કર્યું.

આ દશવીશ વર્ષમાં જે નુકસાન થયું છે; તે એટલું બધું થયું છે કે જેનો વિચાર કરતાં આપણું હૈયું કંપી ઉઠે તેમ છે. એ નુકશાન આપણે આપણેજ હાથે કર્યું છે; પંચમ આરાએ નથી કર્યું. એ નુકસાન થવાના જવાબદાર આપણે પોતેજ છીએ, પંચમ આરો જવાબદાર નથી. જો પંચમ આરો આટલી ઝડપથી હાનિ કરે, તો ઝપાટાબંધ છઠ્ઠો આરો આવી જાય. પરંતુ છઠ્ઠા આરાને વાર છે.

પંચમ આરાને લીધે જે હાનિ થઇ છે, તે આપણે સુધારી શકીએ તેમ નથીજ. કેમકે તે કુદરતીજ કાળદોષને લીધે થઇ છે તેમાં આપણો ઉપાય શો ? જ્યારે કાળદોષ ફરશે ત્યારે તેની મેળે બધું ફરશે. પરંતુ દશવીશ વર્ષમાંની હાનિ આપણાજ હાથની ભૂલનું પરિણામ છે. આપણે હાથે જે ભૂલ કરી છે, તે આપણેજ સુધારી શકીએ.

ગઇ વિજ્ઞપ્તિમાં મેં સૂચવ્યું છે કે–જો આ પ્રમાણે ધર્મભાવનાનો ઘટાડો ચાલુ રહેશે તો શી દશા થશે ? ધર્મભાવના ઘટ્યા પછી મનુષ્યોનાં જીવનમાં આનંદ શો રહેશે ? ભવિષ્યના એટલે વીશ પચ્ચીશ વર્ષ પછીના મનુષ્યોનાં હૃદયમાં આવવાની શુષ્કતા કલ્પીને, તેઓ ઉપર શું તમને દયા નથી આવતી ? પૈસાજ મેળવવા વલખાં મારતી ને તે ખાતર સ્વધર્મ ચૂકતી એ ભવિષ્યની સંતતિ ઉપર દયા આવવીજ જોઇએ. અને તેઓનું ભવિષ્ય સારૂં રહે તેને માટે આપણે કરેલી ભૂલ આપણેજ સુધારી લેવી જોઇએ, જેનું કડવું પરિણામ એ બિચારાઓને ભોગવવું ન પડે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઈ ભાઇ પૂછશે કે–દશ વીશ વર્ષ પહેલાં પણ શું ધન મેળવવાની ચિંતા ન્હોતી ? અરે ! ભાઈ ! ચિંતા હતી, પરંતુ ચાલુ સમયમાં તો હદ વળી ગઈ છે. તેઓ સ્વધર્મ ચૂકતાં નહીં, શાંતિ હતી, સંતોષ હતો, સહાનુભૂતિ હતી, શારીરિક બળનું પોષક નિશ્ચિંત સાદું જીવન હતું. ચાલુ જમાનામાં તો બધી બાબતની હદ વળી છે. હવે એ વાતનો વિસ્તાર કરી સમજાવવાની બિલ્કુલ જરૂરજ જણાતી નથી. બાળ, વૃદ્ધ સૌ જમાનાની વિચિત્રતા કળી ગયા છે.

આવો જમાનો આવી ગયો છે. તેમાં આપણે કયાં કયાં અને શું શું ભૂલ કરી છે તે રોદણાં રોવાનો અવસર નથી. કદાચ પ્રસંગે જીજ્ઞાસુઓને સમજાવીશ, પરંતુ હવે તો ભૂલ સૂધારી લેવીજ જોઇએ.

ભૂલો થઈ ગઇ છે. તેથી હવે શું થશે ? એમ જરાપણ ગભરાવાની જરૂર નથીજ. કારણ આપણે હાથે કર્યું છે તે આપણેજ સુધારીશું. હોય, ભૂલો થાય ને સુધરે. જ્યારે આપણને આપણી ભૂલો સમજાશે, કે તુરત તેનો સુધારો કરવા લાગીશું. એટલે ભવિષ્યને માટે પણ ચિંતા કરવાની જરૂર નહીં રહે. એવું ભવિષ્ય પણ શાનું આવે ? આપણે ચેતી જઇએ અને વલણ બદલી નાંખીએ, તેથી ભવિષ્ય પણ બદલી જાય. પરંતુ જો ચેતીએ નહીં અને વલણ બદલીએ નહીં તો અવશ્ય ભવિષ્ય ભયંકર છે.

પરંતુ એમ નજ બને, આપણને ચેતાવનાર મળી જવાના, આપણે ચેતી જવાના, અને ભવિષ્ય સુધરી જવાનું. અને ફરી ધર્મભાવના જાગૃત થઈ જશે. કેમકે બનાવટી બાબત કેટલીવાર ટકે ? ચાલુ હાનિ બનાવટી છે. કુદરતી નથી. પંચમ આરાએ કરી તે હાનિ કુદરતી છે. તેમાં ફેરફાર નહીંજ થાય, પરંતુ બનાવટી હાનિનો બદલો લેઈ શકીશું. બનાવટી હાનિનો બદલો લેઇશું અને ધર્મ ભાવના જાગૃત કરીશું. એ ચોક્કસ છે. માટે ચાલુ સંજોગોથી ગભરાઈ જવાની બિલ્કુલ જરૂર નથી. ભગવાનનું શાસન ( ધર્મ ભાવના ) પંચમ આરાના અંત સુધી ટકનાર છે. તો પણ બગડી સુધારવાના પ્રયત્ન કરવામાં આપણે જરાપણ પાછા પડવાનું નથીજ. શાસન ટકશે એ વાત ખરી, પરંતુ તે તે સમયના સમજુ પુરૂષોનો પ્રયત્ન તેને ટકાવી રાખવામાં મળવોજ જોઈએ, તેવા પુરૂષો મળીજ રહે, ને શાસન ટકે. આ વસ્તુસ્થિતિ છે.

માટે આપણા સમયમાં આપણે બગાડેલું આપણેજ સુધારી લેવું જોઈએ. પ્રાયશ્ચિત્ત કરી શુદ્ધ થવું જોઇએ. નહીંતર પાપનું ફળ આપણે ભોગવવુંજ પડશે.

**આપો સન્મતિ સૌને શાસન દેવ !**

**ભગવાન મહાવીર પ્રભુ વિચરતા તે સમયે ચોથો આરો હતો, ત્યાર પછી પાંચમો આરો શરૂ થયો, ને આપણે અહીં દરેક વિશિષ્ટ શક્તિઓની ધીમે**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધીમે ન્યૂનતા થઈ. પરંતુ પાંચમા આરાની અસર હિંદુસ્થાન ઉપરજ થઇ. અને યુરોપ અમેરીકા ઉપર તેની શું બિલકુલ અસરજ ન થઇ? આપણા કરતાં તેઓ વિશેષ ઉન્નતિ ભોગવે છે તેનું શું કારણ?

આધ્યાત્મિક ઉન્નતિ અને આધિભૌતિક [ આર્થિક ઉન્નતિ ] બંને ઉન્નતિની ભિન્ન ભિન્ન દિશા છે તે ખ્યાલમાં ન રહેવાથી, આ પ્રશ્ન થવો તદ્દન સ્વાભાવિક છે. તેથી આ ગુંચવાડો જેના જેના મનમાં હોય તેના મનનું સમાધાન કરવું, એ મારી ફરજ સમજુ છું.

વિચાર કરતાં પ્રશ્ન ગંભીર છે. તેનો જવાબ આપવો પણ. તેટલોજ ગંભીર છે તેથી જવાબ આપવામાં બહુજ સંભાળ રાખવી જોઇએ જવાબ ન આપી શકાય તેમ હોય તો, તે બાબત પોતાની અશક્તિ કબૂલ કરી મૌન રહેવું જોઇએ. ગમે તેવી રીતે જવાબ આપીને કદાચ સામાના મનનું સમાધાન કરી શકાય. પરંતુ વસ્તુ સ્થિતિથી વિરૂદ્ધ જતાં લાભને બદલે નુકસાન થાય છે. વસ્તુસ્થિતિથી વિરૂદ્ધ જવું એજ જુઠાણું. તેને માટે બરાબર સંભાળ રાખવી જોઇએ.

મહાવીર પ્રભુ સમકાલે હિંદુસ્થાનની પ્રજા ચાલુ સમયની કરતાં દરેક રીતે સુખી અને સુધારાસંપન્ન હતી. પ્રજામાં શરીરની પ્રૌઢતા, શરીરબળ, વ્યક્તિ સ્વાતંત્ર્ય વિગેરે ઉંચા પ્રકારના હતા. આ બાબતોમાં યુરોપની તે વખતની પ્રજા પણ તેવીજ હતી. માત્ર હિંદુસ્થાનમાં આધ્યાત્મિક શક્તિ બહુજ ઉંચા પ્રકારની હતી. તેને બદલે ગ્રીસ, રોમ વિગેરે યુરોપના સ્થળોમાં પણ કેટલેક અંશે આધ્યાત્મિક શક્તિ હતી, છતાં હિંદુસ્થાન સર્વોપરિ હતું.

હિંદુસ્થાનમાં જેમ પંચમ આરાને પ્રભાવે શરીરની પ્રૌઢતા, શરીરબળ, વ્યક્તિસ્વાતંત્ર્ય વિગેરે કમી થતા ગયા તેજ પ્રમાણે યુરોપમાં પણ બન્યું. હાલના યુરોપીય શરીરના બંધારણમાં અને પૂર્વ કાળના યુરોપીય મનુષ્યના શરીરના બાંધામાં આપણી પેઠેજ ફેર પડ્યોજ છે. માનુષી વ્યક્તિસ્વાતંત્ર્ય ઘટયું છે. કેમકે દિવસે દિવસે બંધારણો વધ્યા છે. કોઈ ભાઇ કહેશે કે ઇંગ્લાંડ વિગેરેના મૂળ વતનીઓ તદ્દન જંગલી હાલતમાં હતા. અને રંગેલા પત્થરો બાંધીને શરીર શણગારતા, પરસ્પર લડતા, અને અતિ ક્રૂર હતા.

અરે ભાઈ, એમ છતાં પ્રેમ અને સ્નેહ પણ શરીરના પ્રમાણમાં તેઓનાં પ્રબળ હતા, તે બહુજ બચાવ કરતા હતા, તેઓની માનુષી શક્તિ ખૂબ હતી, એવી સ્થિતિમાં પણ તે લોકો પોતે પોતાનો બચાવ કરી જીવન ટકાવી શકતા. જો માત્ર તેઓમાં સદ્દગુણોનો વાસ થાય તો સારી રીતે તે સદ્દગુણો શોભાવી શકે તેટલી તેઓની તાકાત હતી. હાલ આપણે સદ્દગુણોની કિંમત સમજીએ છીએ. પરંતુ આચરતા ધ્રૂજ છુટે છે. જો તેઓને સુધારાનો સંપર્ક થાય, અને તેઓને ગમી જાય તો આપણા હાલના મનુષ્ય કરતાં વધારે સારી રીતે દીપાવી શકે. પરંતુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુધારાનો યોગ થવો. દરેક વખતે દરેકના ભાગ્યમાં નથી હોતું. એટલે આધ્યાત્મિકતા સિવાય તે વખતના હિંદુસ્થાનના મનુષ્યો જેવાંજ બીજા દેશોના મનુષ્યો હતા. આધ્યાત્મિકતાના ભેદને લીધે આચાર, વ્યહવાર, ખાનપાન વિગેરે બાબતોમાં ભેદ હતા, ( ને છે. )

જેમ પંચમઆરાની અસર આપણા ઉપર થઇ, તેમ તેઓ ઉપર પણ થઇ છે. તેને પરિણામે શરીર બળ ઉપર, અને તેને પરિણામે બુદ્ધિ, વિગેરે ઉપર પણ અસર થઈ. ક્રમે ક્રમે સૌ ઘટવા લાગ્યાં. આપણે અહીં આધ્યાત્મિકતા ઘટતી ગઈ, તેમ નૈતિક બંધારણ ઢીલું પડતું ગયું. નૈતિક બંધારણ ઢીલું થવાને પરિણામે ભિન્ન ભિન્ન દેશમાં દૂર દૂર વસવાને લીધે એકદેશીયતા ભૂલી જવાને પરિણામે પરદેશીઓના હુમલા પ્રસંગે, ઘણા પાછા વાળ્યા; કંઈક પરદેશીઓને અંદરજ સમાવી દીધા, છતાં પરિણામે પરદેશીઓના હાથમાં સપડાઇ જવા વારો આવ્યો. તેથી જોકે આધ્યાત્મિક–બળ ઘટયું હતું, છતાં સમાજવ્યવસ્થાઓ મોટે ભાગે અક્ષત હતી. હિંદુસ્થાનની મધ્યકાલીન સ્થિતિ આ હતી.

આ તરફ યુરોપ કેટલાયે આંતર કલહો કરતું કરતું આર્થિક ઉન્નતિ કરવા તરફ લલચાયું. એટલે પૂર્વે યુરોપની આર્થિક તેમજ આધ્યાત્મિક એ બન્ને શક્તિઓ નહીં જેવીજ હતી. હિંદુસ્થાનને હિસાબે કંઇજ નહીં.

પોતાની આંતર શક્તિની મગરૂબીમાં અને આર્થિક સંપત્તિ મેળવવાના પરદેશીઓના તાત્કાળીક ઉપાયોની ઝમકમાં અંજાઇ ગયેલ હિંદ જરા સુસ્ત બન્યું. તેવીજ રીતે બીજા દેશોની પણ એજ દશા કરી યુરોપે આર્થિક ઉન્નતિ પ્રાપ્ત કરી. આ માત્ર તાત્કાળીક દાવની જીત છે. આખી સંસ્કૃતિ દરમ્યાન છેવટે કોની જીત થાય છે, તેજ જોવાનું છે.

હવે કલ્પના કરીએ કે કોઈની પરતંત્રતા વિના, તેમજ કોઇને દબાવ્યા વિના જે દેશ આર્થિક ઉન્નતિ કરી શકે, તે દેશ ખરો આર્થિક ઉન્નત કહેવાય. બીજાને દબાવીને ઉન્નત થયેલને આપણે ઉન્નતિને શિખરે પહોંચેલ કહીએ છીએ, તે દેખાદેખીથી, ભ્રમણાથી, ઉન્નતિનો ખરો અર્થ સમજ્યા વિના, આજ સુધી યુરોપ ઉન્નતિને શિખરે છે, ઉન્નતિને શિખરે છે; એમ ગાયા કર્યું.

અર્થાત્ યુરોપ આર્થિક ઉન્નતિમાં હાલ સર્વોપરિ જણાય છે એ ખરૂં. અને આપણને પણ થોડો વખત થયા તે ભાવનાનો ચેપ લાગ્યો હતો. તે ચેપને પરિણામે આપણે પણ ઘણાજ ધમ પછાડા કર્યા, અને કરીએ છીએ. પરંતુ એ બાબતમાં ગમે તેટલા દોડવા છતાં આપણે યુરાપને પહોંચી વળીએ એ આશા વ્યર્થ જણાય છે. —ચાલુ.

પ્ર. બે. પારેખ મુ.—પાટણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દિવ્ય જીવન.

કુદરતના મહા રાજ્યમાં જ્યાં જ્યાં ઉન્નતિ, અભ્યુદય, વિકાસ કે સંવર્ધન જોવામાં આવે છે, ત્યાં ત્યાં તે ઘણુંજ ધીરે ધીરે ક્રમપૂર્વક થયેલું જોવામાં આવે છે. કોઈ સ્થળે એકાએક આકસ્મિક પરિવર્તન જોવામાં આવતું નથી. ક્ષુદ્ર વનસ્પતિથી માંડી એક પ્રકાન્ડ પર્વત પર્યંત, ક્ષુદ્ર કીટથી લઇને સૃષ્ટિના રાજા ગણાતા માનવ પર્યંત, સર્વ સ્થાને જે કાંઇ વિકાસ થયેલો હોય છે તે ધીરે ધીરે અને નિયમિત ક્રમપૂર્વક થયેલો હોય છે. આ વિશ્વનું પરિચાલક તત્વ ભલે કોઇ સત્તા વિશેષ હોય કે સ્વભાવ વિશેષ હોય, પરંતુ તે જે કાંઇ હોય તેના સંબંધે એટલા ઉદ્ગાર કાઢયા વિના તો ચાલતુંજ નથી કે તેની સહિષ્ણુતા, તેની ધીરજ, તેની ધીરી ગતિએ ચોક્કસપણે કાર્ય કરવાની શક્તિ તો અસીમ છે. પ્રકૃતિના પ્રત્યેક રાજ્યમાં જ્યારે બારીકીથી નિહાળીએ છીએ, ત્યારે માલુમ પડે છે કે કુદરત કદર્યતામાંથી સૌન્દર્યનો વિકાસ કરવામાં સેંકડો યુગોનો વખત ગાળે છે, અનિયમમાંથી નિયમ ઉપજાવવામાં, વિશ્રંખલામાંથી શ્રંખલા પેદા કરવામાં, તે ધીરજપૂર્વક કાળની કાંઈ પણ ગણના કર્યા વગર ધીરી ગતિએ પોતાનું કાર્ય કર્યેજ જાય છે. કુદરતના કોઇ વિભાગમાં ઉતાવળ, તાબડતોબપણું કે અધૈર્ય નથી. આપણી અધીરાઇના કારણથી એ વિલંબ આપણે સહી શકતા નથી. આપણે દરેક વાતનું પરિણામ તુર્તજ મેળવવાને તલપાપડ રહીએ છીએ. ચોમાસાના વખતમાં નાના બાળકો ભેગા થઇ એક ઠેકાણે આંબાની ગોટલી વાવે છે અને બીજે દીવસે સવારમાં ભેગા થઇ તે ગોટલીમાંથી આંબાનુ મોટું વૃક્ષ થયેલું નિહાળવાની આશાથી ત્યાં આવે છે. આ બાળકોની ગમે તેટલી અધીરાઇ છતાં કુદરત જરાપણ ઉતાવળે પોતાનું કામ લેતી નથી. બાળકોના ઉદ્વેગની તેને કશીજ અસર થતી નથી. કુદરતને જે કાંઇ કરવાનું છે તે ધીરે ધીરે, રહી રહીને ઉપજાવે છે. નિરૂપયોગી તત્વોનું અલ્પે અલ્પે વર્જન અને ઉપયોગી તત્વોનું અલ્પે અલ્પે ગૃહણ કરે છે. આ પ્રક્રિયાને બુદ્ધિમાન પુરૂષો "વિવર્તન પ્રક્રિયા" ના નામથી સંબોધે છે.

આ પ્રક્રિયા, પ્રકૃતિ રાજ્યના પ્રત્યેક વિભાગમાં અવિરતપણે, અશ્રાંતપણે, અચુકપણે કાર્ય કરી રહી છે. તે કાર્ય એકલા ભૌતિક પ્રદેશમાંજ ચાલી રહ્યું છે એમ નથી, પરંતુ માનવ સમાજની સભ્યતા, સંસ્કૃતિ, ઉન્નતિ અને અભ્યુદયના પ્રદેશમાં પણ એ પ્રક્રિયા દૃષ્ટિગોચર થાય છે. મનુષ્ય તેની મૂળ અવસ્થામાં નગ્નદેહ જડ હતો. કાળે કરી તેની ઉન્નતિ થતા થતા અત્યારે તે ઉન્નત, જ્ઞાન–સંપન્ન, સભ્ય મનુષ્યની હદે આવી પહોંચ્યો છે, પરંતુ તે પ્રાથમિક અવસ્થામાંથી હાલની સભ્ય સ્થિતિમાં આવતા તેને કેટલા પ્રયત્નની જરૂર પડી છે, કેટલો વિકટ રસ્તો ક્રમ–વિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાસના મહામાર્ગ ઉપર કાપવો પડયો છે, કેટલું શીખવું પડયુ છે. કેટલું વજન, કેટલુ ગ્રહણ કરવું પડયું છે, તેની કલ્પના પણ થઇ શકે તેમ નથી. સર્વત્ર એજ "વિવર્તન–પ્રક્રિયા" કામ કરી રહી છે. વ્યક્તિમાં, પરિવારમાં, સમાજમાં, ધર્મમાં, દેશમાં, વિશ્વમાં, એ એકજ નિયમનું અખંડ અનિમેષ પ્રવર્તન ચાલી રહ્યું છે.

આ "વિવર્તન–પ્રક્રિયા"નું આંતરિક રહસ્ય એ છે કે કોઇ પણ પ્રાણી પદાર્થમાં કશુંજ નવું તત્વ આવતું નથી. પરંતુ તેમાં જે કાંઇ મૂળથીજ હતું તેનું ઉત્તમરૂપે પરિવર્તન માત્ર થાય છે, માત્ર રૂપાંતરજ થાય છે. દરેક પરવતી અવસ્થાનું કારણ તત્વ તેની પૂર્વાવસ્થામાં સૂક્ષ્મ ભાવે હોયજ છે. વિવર્તન–પ્રક્રિયામાં મૂળ તત્વોનો કશોજ ફેરફાર થતો નથી; પરંતુ એ મૂળ તત્વો કાયમ રહીને માત્ર તેનું ઉચ્ચતર રૂપાંતર થયા કરે છે.

હવે મનુષ્યના ધર્મ–જીવન સબંધે આ નિયમ કેવી રીતે પ્રવર્ત્તે છે તે જોઇએ. જે મહાનુભાવોએ મનુષ્યના ધર્મ–જીવન સંબંધે બહુ વિચાર કરેલા છે અને એ વિષયમાં સમાજની ઉન્નતિ કેવી રીતે થાય તેનું ચિંતન કર્યું છે, તેમને એમ જણાયું છે કે મનુષ્યના ધર્મ–જીવનની ઉન્નતિ તેના મનની અવસ્થા ઉપર આધાર રાખે છે. અને મનની ગતિ પવનના જેવી છે, એટલે કે મનનું પ્રવર્તન વાયુના જેવું અનિયંત્રિત અને અનિર્દ્દેશ્ય છે. ભગવદ્ ગીતામાં "મન અતિશય ચંચળ છે. અતિશય અશાસિત છે, તેનો નિગ્રહ કરવો એ વાયુના નિગ્રહ કરવા જેવું કઠિન છે." એમ કહેલ છે. મનની ગતિને વાયુની ઉપમા આપવામાં પ્રથમ દૃષ્ટિએ એક વાણીના અલંકાર જેવું ભાસે એ સ્વાભાવિક છે, પરંતુ જરા ઉંડા ઉતરી વિચાર કરતા એ ઉપમા અક્ષરશઃ સત્ય જણાય છે. વાયુની સાથે ઉપમા આપવાનું તાત્પર્ય એમ જણાય છે કે મન અને પવન એ ઉભયની ગતિને નિયમાધિન રાખવી, અગર તે ઉભય સંબંધે કાંઇ પણ સુનિશ્ચિતરૂપે કહેવું એ અશકય છે. જેમ વાયુ પોતાની દીશા અકસ્માત ફેરવી નાખી બીજીજ દીશામાં વહેવા માંડે છે, તેમ મન પણ અણુધાર્યે સમયે પોતાની ગતિ બદલાવીને આપણી ઇચ્છાથી વિરોધી દીશામાં વહે છે. પવનની દિશા જેમ આપણા ધાર્યા પ્રમાણે રાખી શકાતી નથી, તેમ મનની દિશા પણ આપણી ઇચ્છાનુસાર આપણે રાખી શકતા નથી. ચોમાસાની રૂતુમાં આપણે જોઇએ છીએ કે રાત્રે શયનકાળે આકાશ સ્વચ્છ હોય છે, તારા–મંડળ પ્રસન્ન વદને દેદીપ્યમાન હોય છે, મેઘ કે તોફાનનું નામ નિશાન હોતું નથી, પરંતુ અર્ધરાત્રિએ પવન પ્રચંડ ગતિએ વહેવા લાગે છે અને વરસાદ મૂશળધાર વરસે છે. વાયુની ગતિ કેવી શીઘ્ર અને અતર્કિત ભાવે ફેરફાર પામી ગઇ તેની કલ્પના પણ થઇ શકતી નથી. માનવનું મન પણ કાંઇક આવાજ પ્રકારે કામ કરે છે. જેઓને આજે આપણે અમુક પ્રકારના મનોભાવવાળા, સમાજ, ધર્મ અને નીતિ–વિષયક અમુક જાતની ભાવના ધરાવતા જોઇએ છીએ, તેમને થોડાજ વખતમાં તેથી વિપરીત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દિશામાં ગતિ કરતા જોઈએ છીએ. આજે તેમણે જે પથનું અવલંબન કર્યું હોય છે, તેનાથી જુદીજ રીતનું ગ્રહણ તેઓએ બીજે દીવસે કરેલું હોય છે. આ પ્રકારે મનની પ્રકૃતિ અને ગતિમાં આકસ્મિક અને મહાન્ પરિવર્તન વખતોવખત થાય છે, એ આપણો નિત્યનો અનુભવ છે.

ખાસ કરીને ધર્મના ક્ષેત્રમાં આવી ઘટનાઓ સવિશેષરૂપે દૃષ્ટિગોચર થાય છે. બુદ્ધ, ખ્રીસ્ત વિગેરે અનેક સંપ્રદાયો જ્યારે તેમના આદિ પુરૂષોના પ્રતાપથી અગાધ શક્તિ–સંપન્ન હતા તે વખતે તે તે દર્શનોના અનુયાયી સમાજમાં જબરજસ્ત ઉછાળા થયા હતા. સેંકડો મનુષ્યોના મનમાં ધર્મ–ભાવનાનો પ્રબળ પ્રવાહ ઉભરાઇ આવ્યો હતો. તેમના જીવનમાં જે પરિવર્તન થયું હતું તે ખરેખર વિસ્મય જનક હતું. પ્રભુ મહાવીરના થોડી ક્ષણના ઉપદેશથી સેંકડો મનુષ્યો પોતાના પ્રિય ઘરબાર અને વૈભવ વિલાસ ત્યાગી તેમણે પ્રવર્તાવેલા શાસનને આધીન બન્યા હતા. થોડીજ ક્ષણોમાં તેમના જીવનમાં એટલું મહાન પરિવર્તન થયું હતું કે જેનો મુકાબલો તેઓના જીવનની પૂર્વાવસ્થા સાથે કોઈ રીતે બની શકે નહીં. તે જીવોની મનની બેચાર ભાવનાઓજ માત્ર ફરી હતી એમ ન હતું, પરંતુ તેમનું જીવન અને પ્રકૃતિ સમગ્રરૂપે પરિવર્તિત થઈ હતી. અમે ઉપર જે “ વિવર્તન–પ્રક્રિયા ” ના સિદ્ધાંતનો ઉલ્લેખ કર્યો છે, તે સાથે આ પ્રકારના મહાન પરિવર્તનની મીમાંસા થઈ શકે તેમ નથી. અર્થાત એ સિદ્ધાંત આ સ્થળે લાગુ પડતો નથી. ટુંકામાં મનની ગતિમાં ફેરફાર ઘણીવાર થાય છે તે એટલા બધા મહાન્ અને એકાએક થાય છે કે તેનો મુકાબલો ફક્ત વાયુની સાથેજ થઇ શકે.

મનની ગતિને વાયુની સાથે સરખાવવામાં એક બીજું પણ કારણ વિચારકરતાં જણાય છે. વાયુના મહાસાગરમાં જે અનંત પ્રકારની સૂક્ષ્મ, અતીન્દ્રિય શક્તિઓ કાર્ય કરી રહી છે તે શક્તિનો આપણાથી કશો નિર્ણય કે લક્ષ્ય બની શકતો નથી. તેજ પ્રકારે મનુષ્યના મનોપ્રદેશમાં કેટલા પ્રકારની સૂક્ષ્મ ઇન્દ્રિયાતીત શક્તિઓનું પ્રવર્તન થતું હશે તેનો પણ આપણાથી કશોજ નિર્ણય થાય તેમ નથી. આ અનંત વાયુમંડળમાં કેટલા સંખ્યાતીત વિદ્યુતપ્રવાહો વહેતા હશે, કેવા પ્રકારના સૂક્ષ્મ પરમાણુંઓના તરંગો ઉડતા હશે અને શમી જતા હશે, કેટલા શબ્દો, કેટલી ગતિઓનું ઉત્થાન અને લય થતું હશે, તેનો નિર્ણય કોનાથી બની શકે તેમ છે ? પ્રકાશ, વિદ્યુત, તાપ, શીત વિગેરે તત્વોની જે અનંત શક્તિ પ્રક્રિયા તેમાં કામ કરી રહી છે તેનો નિર્ધાર કોણ કરી શકે તેમ છે ? તેજ પ્રમાણે મનુષ્યનું મન પણ કેટલી શક્તિઓનું લીલાક્ષેત્ર છે, કેટલી ગતિ વિધિઓની પ્રવર્તન–ભૂમિ છે, તેની ગણના કોણ કરી શકે તેમ છે ? આપણે જે આહાર ગ્રહણ કરીએ છીએ તેની અસર, બહારનાં સંજોગોની વિવિધ પ્રકારની અસર, જમાનાના શક્તિશાળી અને પ્રતિભાવાન પુરૂષોનો પ્રભાવ, સમા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જના રીતિ રીવાજોની અસર, ધર્મ ગુરૂઓના ઉપદેશની અસર, આપણા પોતાનાં હ્રુદયમાં નિવાસ કરી રહેલા ઇશ્વરના આદેશની અસર, એ સર્વની અસર અને પ્રભાવ, શક્તિરૂપે આપણા મનમાં યુગપત કાર્ય કરી રહેલ છે. એટલા માટે માનવ-મનની કયારે શું અવસ્થા હોય તેનો નિર્ણય કરવો એ વાયુની ગતિના નિર્ણય જેવો કઠિન છે.

માનવ-મનમાં સમયે સમયે જે પરિવર્તન થાય છે તેના બે પ્રકાર પાડી શકાય. એક સંયોગોથી ઉત્પન્ન થએલો; અને બીજો સ્વભાવથી ઉત્પન્ન થએલો. પ્રથમનો ફેરફાર આંશિક, સામયિક, ક્ષણિક, અલ્પ-કાલીન છે, બીજો ફેરફાર સ્થાયી, મૂળગત, અમર છે. વ્યક્તિ કે સમાજના મનમાં ઘણીવાર એવા ઉછાળા આવે છે કે તે વખતે અમુક ભાવો અત્યંત પ્રબળપણે વર્તતા હોય છે, અને અમુક સમય પર્યંત તેનો પ્રભાવ પ્રચંડ તોફાન જેવો બળવાન રહે છે. તેટલા વખત સુધી બીજા બધા પ્રકારના ભાવો ગૌણ પામી જાય છે, તે વખતે વ્યક્તિને કે સમાજને જાણે ભૂત વળગ્યું હોય તેમ તે ચોકકસ ભાવનાઓના પ્રભાવને વશ બની દોડાદોડ કરી મુકે છે. બીજી તમામ ચિંતા અને વિચાર બાજુએ મુકી દે છે; પરંતુ જે સંયોગોથી એ પ્રબળ તોફાન ઉપડયું હતું તે સંયોગો ઢીલા પડતા વ્યક્તિ કે સમાજ નરમ પડી જાય છે, અને થોડા સમય પછી તો એ ભાવના મનમાંથી તદ્દન સરી પડે છે. અગર માત્ર સ્મૃતિના એક ક્ષુદ્ર અવશેષરૂપે રહે છે. દષ્ટાંત સ્વરૂપ, આપણા પર્યુષણના દિવસોમાં આપણા સમાજમાં થતો ધર્મ-ભાવનાનો પ્રચંડ ઉછાળો યાદ લાવો. આઠ દિવસ સુધી બીજી તમામ પ્રવૃત્તિ બાજુએ મુકાએલી હોય છે; પરોઢીએથી માંડી રાતના બાર બજ્યા સુધી માત્ર એકલી ધર્મની જ વાત, ધર્મના જ પ્રશ્નો, વાંચન, મનન, શ્રવણ, ખરડા, લ્હાણી, પ્રભાવના, વિગેરે વિગેરેની પરંપરા શરૂ રહે છે. ધર્મ સિવાય બીજી વાતને યાદ કરવી એ તે દિવસોમાં અધાર્મિકતા ગણાય છે. પરંતુ નવમે દિવસે એ ભરતી એકાએક શમી જાય છે. એ આઠ દિવસની વાત પણ કોઇ યાદ કરતું નથી. સહુ કોઇ પોતપોતાની જુની પ્રવૃત્તિમાં લાગી જાય છે. આનું કારણ શું ? એટલુંજ કે જે વિશેષ કારણથી એ ભાવનો આવિર્ભાવ થયો હતો એ કારણ જ્યારે ચાલ્યું જાય છે, ત્યારે એ પૂર્વોક્ત ભાવ પણ મંદ અને શક્તિહીન બની જાય છે. આવી સંયોગ જન્ય ભાવનાઓથી પ્રેરાઇને જેઓ અમુક સમયે અમુક પથે વળેલા હોય છે, તેઓને તે સંયોગો બદલાતા, બીજા પથે ચઢી જતા વાર વાગતી નથી. આ વાતના ઘણા ઘણા દષ્ટાંત દરેક વ્યક્તિ, સમાજ અને દેશના જીવનમાં મળી શકે છે. બધા દેશોમાં જન મંડળમાં સમયે સમયે એવી વિશેષ ભાવનાઓનો ઉછાળો આવે છે, અને તે અમૂક સમય કાર્ય કરીને પાછી મંદ પડી જાય છે. પોતાના સ્વદેશ ઉપર વિદેશીઓનું આક્રમણ થાય છે, ત્યારે સ્વદેશના લોકોનાં મનમાં સ્વદેશ-પ્રિયતાની ભાવના જાગી ઉઠે છે. અણધાર્યા ઠેકા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ણેથી વીરતાની વિસ્મય જનક કહાણીઓ શ્રુતિ-ગોચર થવા માંડે છે, અને આશ્ચર્ય પમાડે તેવી ઘટનાઓ ઉપજી આવે છે. પચીશ સૈકા પહેલાં, યજ્ઞ યાગના ઘાતકી હત્યાકાન્ડની સામે પ્રભુ મહાવીરે જ્યારે પ્રબળ પ્રતિવાદ ઉઠાવેલો, ત્યારે સમસ્ત ભારત વર્ષ "અહિંસા પરમોધર્મ" ના કર્ણભેદી નિનાદથી ગાજી ઉઠયો હતો, અને અમુક સમય પર્યંત લાખો મનુષ્યોની જીહ્વા ઉપર એ ઉકિત રમી રહી હતી. કાળે કરી એ ઉચ્ચ ભાવના લોક હૃદયમાંથી ઉઠતી ગઇ અને આજે તે સ્વર્ગીય વસ્તુ માત્ર મુઠીભર વણીકો (જૈનો) નાંજ હૃદય ઉપર પોતાનો પ્રભાવ રાખી રહી છે. એક મહાન પુરૂષના હૃદયના વેગથી આખો યુગ હચમચી રહ્યો હતો. એ પ્રભાવપૂર્ણ પુરૂષ ચાલ્યો જતાં તે ભાવનાની શકિત મંદ પડી, અને માત્ર લોક જીવન ઉપર પોતાના પ્રભાવની નિર્બળ રેખા મુકતી ગઇ.

બે વર્ષ પૂર્વે મહાત્મા ગાંધીજીના ઉપદેશે પણ આવોજ ઉછાળો લોકભાવનામાં ઉપજાવ્યો હતો. સેંકડો વિદ્યાર્થીઓએ સરકારી શાળાઓનો ત્યાગ કર્યો હતો. અગણિત મનુષ્યો જેલના કષ્ટો ભોગવવા માટે હસતે વદને તત્પર હતા. દેશના ચારે ખુણે અસહકાર, ધારા સભાનો બહિષ્કાર, કોર્ટોનો ત્યાગ વિગેરે ભાવનાઓ પૂર જોસથી ચાલતી હતી. પરંતુ મહાત્માજીનું પ્રભાવ-પૂર્ણ વ્યકિતત્વ લોક-ચક્ષુથી જરા વેગળું થતાં, આજે તે ભાવના શકિત હીન બની ગઇ છે. એ પૂર્વનો ઉભરો શમી ગયો છે.

આટલા વિવેચનના ફળ રૂપે અમારે જે કાંઇ કહેવાનું છે તે એટલુંજ કે જે ઉત્સાહ કે જે ભાવના અમુક પ્રકારની ઘટનાઓ કે અવસ્થાના ગુણોથી ઉત્પન્ન થયેલી છે તે ક્ષણિક છે અને તે આપણાં જીવનનો સ્થાયી વિભાગ નથી. કેમકે તે નિમિત્તાધીન છે, સંયોગજન્ય છે અને તેથી ક્ષણસ્થાયી છે, આપણે આપણાં હૃદયની પરીક્ષા કરી પ્રથમથીજ નક્કી કરવું જોઇએ કે અમુક ઉત્સાહ કે ભાવના આ પ્રકારનો આંશિક, સામયિક, કે ઘટના-જન્ય છે? અથવા તો તે સ્થાયી, સ્વભાવગત, અને અમર છે!

માનવ-હૃદયમાં જે બીજા પ્રકારનું પરિવર્તન થાય છે તે સ્થાયી અને મૂળગત હોય છે. તે પરિવર્તનનું સ્વરૂપ સ્વતંત્ર અને કોઇ પ્રકારના આંતર બાહ્ય સંયોગોની અપેક્ષા વગરનું હોય છે. કોઇ મહાભાગી પુરૂષોને ઇશ્વર કૃપાથી કે સાધુ સંગથી કે જ્ઞાન પ્રાપ્તિથી આ પ્રકારનું પરિવર્તન થયેલું જોવામાં આવે છે. આ પરિવર્તનનું મુખ્ય લક્ષણ શું? એમ પુછવામાં આવે તો તેનો ઉત્તર અટલોજ છે કે જીવનના ઉદ્દેશનું પરિવર્તન. દૃષ્ટાંત તરીકે, એક મનુષ્ય થોડા સમય પહેલાં વિષયોમાં રૂચિવાળો હતો. નિરંતર વિષયોનુંજ અન્વેષણ કરતો, જ્યાં તેની પ્રાપ્તિની સંભાવના હોય તે પ્રદેશમાંજ તે વિહરતો; પદાર્થોમાં તેને પ્રબળ આસક્તિ હતી. તેના દીલમાં ગમે તે કારણથી એવું સ્કુરી આવ્યું કે આ વસ્તુઓ મારા જીવનનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લક્ષ્ય હોઇ શકે નહી. તેણે કાંઇક એવું જોયું, એવું અનુભવ્યું, એવા સંબંધમાં આવ્યો, કે જેથી તે એકાએક જાગી ઉઠ્યો. તેને એવો નિશ્ચય થયો કે મોક્ષ-પ્રાપ્તિ અને ધર્મ-જીવન એજ મારા જીવનનો પરમ લક્ષ્ય છે. આ ભાવનો હૃદયમાં આવિર્ભાવ થતાંની સાથેજ દિવ્ય-જીવન મેળવવાની તેનામાં આકાંક્ષા ઉત્પન્ન થઇ. તેણે ધર્મનું અન્વેષણ શરૂ કર્યું. જેમ જેમ તે નિર્મળ ચિત્તથી ધર્મના મહારાજ્યમાં પ્રવેશ કરતો ગયો, તેમ તેમ તેના હૃદય-વાસી પરમાત્માની કૃપા તેના ઉપર વધતી ચાલી. પરમ પ્રભુની આજ્ઞાને આધીન થતો ચાલ્યો. એનાં હૃદયમાં નવી શક્તિ, નવી શ્રદ્ધા, નવો ભાવ આવિર્ભૂત થતો ચાલ્યો. આ પરિવર્તન એ બીજા પ્રકારનું સ્થાયી અવસ્થાંતર છે. તે અમર રહેવા નિર્માયું છે.

જ્યારે મનુષ્યનો લક્ષ્ય અને જીવનનો ઉદ્દેશ બદલાય છે, ત્યારે તેની સમગ્ર ભાવનાઓ, વિચારો, ચિંતાઓ બહુજ બદલાય છે. જીવનનો નિર્ણિત ઉદ્દેશ એ મનુષ્યનાં હૃદયમાં રહેલી એક પૂર જોસવાળી મોટર છે. મનુષ્યને તે નિર્ણિત દિશામાં ઘસડ્યેજ જાય છે. જે સ્થિતિ માનવ-જીવનના સર્વપ્રધાન ઉદ્દેશ રૂપે રહે છે તેનો પ્રભાવ જીવનના પ્રત્યેક વિભાગમાં વ્યાપી જાય છે. વ્યાપાર, રોજગાર, ગૃહધર્મ, મિત્રતા, શત્રુતા, રાગ, દ્વેષ સર્વ એ એકજ ભાવનાથી રંગાઇ જાયછે. એ ઉદ્દેશના પ્રભાવથી આપણા જીવનના સર્વ પ્રકારના સંબંધો ધીરે ધીરે પરિવર્તિત થતા જાય છે. એ ઉદ્દેશને અનુસરીને જે પૂર્વે દૂર હતા તે નિકટ આવે છે, અને નિકટ હતા તે દૂર થાય છે. પૂર્વકાળના સંબંધીઓ સાથેનો સંબંધ વિચ્છિન્ન થતો જાય છે, અને નવા ઉદ્દેશને પોષણ આપનારા નવા સંબંધો યોજાતા જાય છે. સાંસારિક અર્થમાં જેઓ પારકા ગણાય તે પોતાના થાય છે. અને પોતાના હતા તે પર થઇ જાય છે. આ મહાન પરિવર્તન જ્યારે માનવ-જીવનમાં ઉપસ્થિત થાય છે ત્યારે તે " દિવ્ય-જીવન " ની સંજ્ઞા પામે છે.

આ દિવ્ય-જીવનનો સંચાર કોઇ એકાદ સુભગ ક્ષણે થાય છે, એક મંગળ ક્ષણે આ મહાન લક્ષ્ય અને આદર્શ પ્રત્યે દૃષ્ટિપાત થાય છે, અને હૃદયમાં નવી આકાંક્ષા અને નવો મનોરથ જાગે છે, પરંતુ આપણી સમગ્ર પ્રકૃતિને એ નવીન આદર્શને અનુસરતી બનાવી દેવી એ કાંઇ એક ક્ષણ કે એક દીવસનું કામ નથી, સમગ્ર ચારિત્રમાં ફેરફાર કરી તેને એ નવી ભાવનાને અનુયાયી બનાવવું એમાં બહુ પ્રયત્નની અપેક્ષા રહે છે. અમે શરૂઆતમાં જે " વિવર્તન-પ્રક્રિયા" નો ઉલ્લેખ કર્યો છે તેનું કાર્ય હવે લાગુ પડે છે, એક વખત દૃષ્ટિ ખુલી, દીવ્ય-જીવનની ઝાંખી થઇ, સમ્યગ્ ભાવની પ્રાપ્તિ થઇ, એ અમર તત્વની બીજ રૂપે ઉપલબ્ધિ થઇ, એટલે પછી ઉપરોક્ત "વિવર્તન-પ્રક્રિયા" નું કાર્ય શરૂ થાય છે, પછી માનવ-જીવન ધીરેધીરે એ આદર્શને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુરૂપ ઘડાતું ચાલે છે. સમગ્ર પ્રકૃતિ આપણને અનુકૂળ થઇ મોક્ષ પ્રાપ્તિની દિશામાં આપણને સહાયક બનવા માંડે છે.

પરંતુ આ સ્થળે આવ્યા પછી મહાન અંતરાયો અને વિઘ્નોની પણ શરૂઆત થવા માંડે છે. મનુષ્યે તેના માતાપિતા પાસેથી વંશાનુક્રમિકતારૂપે જે અનિષ્ટ લક્ષણો મેળવ્યા હોય, સામાજીક સંયોગોમાંથી તેનાં મન અને શરીરમાં જે નિર્બળતાઓ ઉપજી આવેલી હોય, પ્રતિકૂળ શિક્ષણના લીધે જે ભ્રાન્તિઓ તેના આંતરિક બંધારણમાં પ્રવેશ પામેલી હોય, તે તમામ હવે તેના ઉર્ધ્વગામી પથમાં અંતરાય રૂપે આવી ઉભા રહે છે. તેની અનેક જુની કુટેવો, તેના સ્વભાવની ઉંડાણમાં રહેલી બુરાઇઓ, પ્રતિબંધક થઇને તેની ગતિનો અવરોધ કરે છે. જન્મ–લબ્ધ અને શિક્ષા–લબ્ધ મુગ્ધ સંસ્કારો અને નબળાઇઓનો અતિક્રમ કરવો એ કાંઇ સહજ વાત નથી. મનુષ્ય તેનાં હૃદયમાં ગમે તેવી ઉચ્ચ આકાંક્ષાઓ રાખે; પરંતુ તે આકાંક્ષાઓને મનુષ્ય–સ્વભાવની નિર્બળતા દ્વારા નિયમાવું પડેજ છે. જેવી રીતે એક માણસના મનમાં ચંદ્રને અડવાની ઇચ્છા થતાં તે એકદમ અધર કુદકો મારે, પરંતુ તે માત્ર તેની શક્તિના પ્રમાણમાંજ અધર કુદી શકે, તેવી રીતે માનવ–હૃદયની ગમે તેવી પ્રબળ ઉચ્ચ આકાંક્ષા છતાં તે માત્ર અમુક હદ સુધીજ તેના આદર્શને અનુરૂપ જીવન વીતાવી શકે છે. આપણા જન્મથી જે સ્વભાવગત અને સંસ્કારગત સ્વાર્થપરતા, વિષયાસક્તિ, અને ઇન્દ્રિયપરતા છે તેનાથી આપણે અવશ્ય નિયમાવું પડે છે. આપણે મહાવીર પ્રભુ જેવા તપસ્વી, જ્ઞાની, કે વિરાગી થવાની ઇચ્છા રાખીએ તો શું તે તુર્ત બની શકે ખરૂં ? તેમ કરવા જતાં આપણાં હૃદયમાં રહેલી ગુઢ આસક્તિઓ આપણને પ્રતિબંધક રૂપે થઇ ઉભી રહે છે. એ ગૂઢ આસક્તિઓ આપણને પ્રત્યેક પગલે નવ્યાજ કરે છે. આપણે આપણા આદર્શને અનુસરતા બની જવાના ઉત્સાહમાં એકાદ સ્વાર્થને જબરજસ્તીથી હડસેલો મારી દૂર કરીએ, પરંતુ બીજીજ ક્ષણે અજ્ઞાતપણે તેજ સ્વાર્થને પાછો ગ્રહણ કરીએ છીએ. આપણી ધર્મ–ભાવના ગમે તેટલી ઉચ્ચ હોય, આપણી આધ્યાત્મિકતા ગમે તેટલી બળવતી હોય, છતાં આપણાં જીવનમાં રહેલી દુર્બળતા ક્ષણે ક્ષણે આપણને આપણા આદર્શના ઉચ્ચ સ્થાનમાંથી ઉથલાવી પાડી હેઠા નાંખી દે છે. અનુભવી જનોએ ધર્મ–જીવનની ગતિને નદીની ઉપમા આપી છે. નદી જ્યારે ગોરાડુ જમીનમાં થઇને વહે છે, ત્યારે તેનો રંગ ગેરૂ હોય છે, અને કોયલાની ખાણવાળા પ્રદેશમાં થઇ નીકળે ત્યારે તેના જળનો રંગ કાળો હોય છે. તેવીજ રીતે ધર્મ જ્યારે ઉચ્ચ પ્રકૃતિવાળા સભ્ય જનોનાં હૃદયમાં થઇને વહે છે, ત્યારે તેનું સ્વરૂપ ઉજ્વળ અને ઉન્નત હોય છે, અને જ્યારે તેજ ધર્મ–ભાવના અસભ્ય, નીચ, સુખાસક્ત મનુષ્યોનાં જીવન દ્વારા વહે છે ત્યારે તે અધમ સુખાસક્તિનો વર્ણ ધારણ કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનુષ્યોના દેહ અને મનમાં જે કાંઇ ભરેલું છે તે દ્વારાજ તેની આકાંક્ષાઓ અને આદર્શોને નિયમાવું પડે છે. વ્યક્તિઓને આ સત્ય લાગુ પડે છે તેમ નથી. સમાજ પણ આજ નિયમથી નિયમાય છે. લગભગ સોએક વર્ષ પૂર્વે ફ્રાન્સ દેશમાં સમાનતા અને સ્વાતંત્ર્યની ભાવનાઓનો ઉદ્ધાર કરવા માટે મહાન વિપ્લવ થયો હતો. પરંતુ એ સામ્ય અને સ્વાધીનતાનો પક્ષ કરનાર વર્ગે, અમુક કાળ સુધી સત્તા ભોગવતા દરમ્યાન તેમણે ભીષણ અનર્થો અને ત્રાસદાયક હત્યાકાંડો આદર્યા હતા. તેમની જીહ્વા ઉપર સમાનતા અને સ્વતંત્રતાની ઉચ્ચતમ વાતો હોવા છતાં આવા અત્યાચારો કરવાનું કારણ એજ હતું, કે આદર્શ અને આકાંક્ષા ઉચ્ચ હોવા છતાં તેમના સ્વભાવમાં સ્વેચ્છાચાર અને પરપીડનના તત્વો છુપાએલા હતા. જે કાંઇ પ્રકૃતિમાં નિહિત છે, જે કાંઇ સ્વભાવ છે, તેજ કાર્યકાળે બહાર ઉભરાઈ આવે છે. ધર્મમાં, પરમાર્થમાં, દયામાં અને તેવી બીજી ઉત્તમ કોટિની અન્ય પ્રવૃત્તિઓમાં રહેલા કેટલાક મનુષ્યોમાં આપણે ઘણીવાર પ્રતારણા, નીચતા, કપટ-ભાવ અને ક્ષુદ્રતા જોઇએ છીએ. તેનું નિદાન શોધતા એજ મળી આવે છે કે મનુષ્યોનો સ્વભાવ જ્યાં સુધી બદલાય નહિ, ત્યાં સુધી તેના સારા નરસા, ઉચ્ચ નીચ પ્રત્યેક કાર્યમાં તેના સ્વભાવમાં રહેલા તત્વો પ્રતિબિંબિત થયા વીના રહેતાજ નથી.

માણસ ગમે તેટલો અભ્યાસ કરે, ગમે તેટલું શાસ્ત્રાધ્યયન કરે, પરંતુ જ્યાં સુધી તેની પ્રકૃતિમાં અસત્ ભરેલું હોય છે, ત્યાં સુધી તેને ધર્મ-જીવન ખરા અર્થમાં પ્રાપ્ત કદિ થતું નથી. પ્રકૃતિ અગર સ્વભાવ એ બહુ મહાન વાત છે. મનુષ્ય તેના માતાપિતા પાસેથી જે મેળવે છે, વંશ પરંપરાગત, જાતિ સંસ્કારથી જે પ્રાપ્ત કરે છે, સમાજના રીતિ રીવાજોથી જે સંસ્કારો તેનામાં દૃઢીભૂત થાય છે, તે સર્વનો અતિક્રમ કરી આદર્શના માર્ગ તરફ ગતિ કરવી એ વાત સહજ કે સરળ નથી; એ ક્રમ બહુ કાળ અને શ્રમની અપેક્ષા રાખે છે. " વિવર્તન-પ્રક્રિયા " નો કંટાળા ભરેલો, ધીરી ગતિએ કામ કરનારો નિયમ એ પ્રદેશમાં કામ કરી રહ્યો છે. જન્મ-લબ્ધ અને શિક્ષા-લબ્ધ સ્વભાવને આટલો મહાન કરી બતાવવાનો અમારો ઉદ્દેશ માત્ર એટલોજ છે કે જેઓ ધર્મ-સાધનના માર્ગમાં ગતિ કરવાનો ઉત્સાહ અને આકાંક્ષા ધરાવે છે તેઓ એમ જાણી રાખે કે તેમના સન્મુખે એક મહાન્ શ્રમ અને તપસ્યાની પરંપરા આવીને પડેલી છે. દેહ અને મનની દુર્બળતાઓથી સાધકને વારંવાર અભિભૂત થવું પડે છતાં તેને નિરાશ થવું ન ઘટે. ધર્મના માર્ગમાં સ્થિર રહેવા માગનારે હમેશાં લક્ષમાં રાખવું જરૂરનું છે કે જે ઉદ્દેશ બહુ પ્રયત્ન અને વખતે પૂર્ણ થવા યોગ્ય છે તે થોડા પ્રયત્ને થોડા કાળમાં કેવી રીતે પૂર્ણ થાય? તેમ છતાં આપણા ઉચ્ચ આદર્શને પણ નિરંતર દૃષ્ટિ-પથમાં રાખવો ઘટે, અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્રિયા કરવી ઘટે. ધર્મ—જીવનની રક્ષા માટે ઉપાય પણ લેવા ઘટે. ધર્મ—જીવનની રક્ષા કરવાનો ઉપાય શું ? એ વિષય બહુ ગંભીર અને તેની ચર્ચામાં ઉતરતા બહુ લંબાણુ થાય તેમ છે. છતાં ટુંકામાં કહેવા દ્યો કે જે નિયમોથી શરીરનું રક્ષણ થાય છે તેજ નિયમ આત્માના ગુણોની વૃદ્ધિ અને રક્ષણને પણ લાગુ પડે છે. શરીરમાં નિર્જીવ અણુનું વર્જન, અને નવા સજીવ અણુઓનું ગ્રહણ શરૂ રહે તોજ દેહ નભે છે અને તેની રક્ષા થાય છે, તેવીજ રીતે ધર્મ—જીવનના અન્ન પાનરૂપી સદ્ભાવનાઓનું ગ્રહણ અને અધમ વૃતિઓનું વર્જન એ ધર્મની રક્ષામાં મુખ્ય હેતુ રૂપ છે. આપણે આટલી વાત નિરંતર સ્મૃતિમાં રાખવી જોઇએ કે પરમાત્માનું ચિંતન, મનન, શ્રવણ અને નિદિધ્યાસન અને પરમાત્માની ઉપાસના—અર્થાત્ ઇશ્વરની આજ્ઞાનુસાર વર્તન, એજ ધર્મ—જીવનનું સાચું પોષણ છે. આપણું પ્રત્યેકનું એ કર્તવ્ય છે કે આ પ્રકારની ઉપાસનામાં સુદૃઢપણે પ્રતિષ્ઠિત થઇ જવું જોઇએ.

રા. અધ્યાયી.

# પ્રકીર્ણ.

## भावनगरके श्री जैन संघकी उदारता.

जैन समाजको विदित ही है कि स्वर्गवासी प्रातःस्मरणीय जैनाचार्य १००८ श्रीमद्विजयानन्दसूरि ( आत्मारामजी ) महाराजके प्रशिष्य मुनिमहाराज श्री वल्लभविजयजीका चौमासा अंबालाशहर ( पंजाब ) में था। आपके साथ आपके शिष्य पंन्यास ललितविजयजी महाराज तथा पंन्यासजीके शिष्य प्रभाविजयजी महाराज और स्वर्गवासी श्री जयविजयजी महाराजके शिष्य तपस्वी गुणविजयजी महाराज हैं। आपके चौमासेमें श्री जैन संघ अंबालाशहरको जो लाभ मिला है वह शीघ्र ही प्रकाशित होनेवाली श्री आत्मानन्द जैन सभाकी रिपोर्टसे मालूम हो जायगा।

सबसे अधिक आदरणीय एवं अनुकरणीय जो लाभ हुवा है वह यह है कि पंजाबमें कितनेक स्थानोमें मंदिरजीमें विराजमान करनेके लिये श्री जिनप्रतिमाओंकी जरूरत थी। मुनिश्री १०८ श्री हंसविजयजीकी प्रेरणासे अजीमगंज ( जिल्ला मुर्शिदाबाद ) से तीन बिंब चौमासेमें ही आपने मंगवा दिये थे। बादमें आपको पत्ता मिला कि भावनगरके जिनमंदिरमें जरूरतके स्थानोमें देनेके लिये कईएक

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जिनबिंब हैं। उसी समय आपने भावनगरमें चातुर्मासमें विराजमान वयोवृद्ध, पर्यायवृद्ध, ज्ञानवृद्ध मुनिमहाराज श्री १०८ प्रवर्त्तक श्री कांतिविजयजी महाराजकी मारफत भावनगरके श्री जैन संघसे लिखा पढी शुरु की। सहर्ष निवेदन किया जाता है कि भावनगरके श्री जैन संघने संघकी सम्मतिसे और श्री प्रवर्त्तकजी महाराजके सदुपदेशसे नौ (९) जिनबिंब देना स्वीकार किया और हमें सूचना दी कि अपना आदमी भेज कर मंगा लेवें। उसमें एक बिंब शाह प्रेमजी ओधवजीका पण था।

यात्राका समय होनेसे ला० नत्थूरामजी जीरा निवासी श्रीसिद्धाचल जानेवाले थे। उनको बुलाकर उनके साथ रोपड निवासी लाला वैशोदासको तैयार कर श्री संघ अंबालाने एक पत्र १०८ श्री प्रवर्त्तकजी महाराजके नाम और एक श्री संघ भावनगरके नामका देकर उनको विदित कर दिया कि अमुक दो भाइयोंके साथ आप श्री जिनबिंब भेज देवें। दोनों भाई श्री सिद्धाचलजीकी कार्त्तिकी पूर्णिमाकी यात्रा करके भावनगर गये। श्री संघ भावनगरने उसी समय बंदोबस्त करके नौ बिंब, नौ श्री सिद्धचक्र और एक अष्टमंगल देकर विदा कर दिया।

यात्रार्थे गया हुवा एक भाई और जीरा निवासी ला० अमरनाथ मिल गये। तीनों ही हुशियार होनेसे विना किसी हरकत के आनंदके साथ यहां आ पहुंचे।

श्री संघ पंजाबकी श्री आत्मानंद जैन महासभाके अधिवेशन होनेसे इन्हीं दिनोंमें लुध्याना, मालेरकोटला, जालंधर, होशियारपुर, नकोदर, अमृतसर, पट्टी, लाहौर, गुजरानवाला, सनखतरा, नारोवाल आदि शहेरोंका श्री संघ इकट्ठा हुवा था। आते ही उन सबको अपूर्व दर्शनानंदका लाभ प्राप्त हुवा। श्री संघ भावनगरने श्री जिनबिंब देनेके बदलेमें नकरा आदि कोई भी रकम नहीं ली। इतना ही नहीं बल्कि जिससे बिंबके मुकुट कुण्डलादि जेवर बने हुवे थे वे भी साथमें ही दे दीये। दो बिंबोंकी तो अंगियां भी दे दी हैं। भावनगर श्री संघ और मगनलाल ओधवजी शाहकी इस उदारताको देख दूसरे स्थानोंके श्री संघको भी चाहिये कि वह भी इनका अनुकरण कर उचित स्थानमें आवश्यक्तानुसार श्री जिनबिंबादि प्रदान करके शुभ फलके भागी बनें। श्री संघ पंजाब सच्चे दिलसे श्री संघ भावनगरको श्री १०८ प्रवर्त्तकजी महाराज श्री कांतिविजयजीको और इतर मगनलाल ओधवजी और मुनि श्री वल्लभविजयजीको धन्यवाद देता हुवा अजीमगंजके श्री संघको और मुनिमहाराज

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



श्री हंसविजयजीको भी धन्यवाद देता है जिन्होंने अपनी अतुल कृपा और उदारतासे पंजाबके श्री संघको कृतार्थ किया है।

ता. १२-११-२२ } मंत्री—श्री आत्मानन्द जैन सभा,
अंबाला शहर.

* * * *

શ્રી મુંબઈ જૈન સ્વયંસેવક બંધુઓ શ્રી સિદ્ધાચળજી કારતક શુદ ૧૫ ઉપર યાત્રાળુઓની સેવા કરવા નિમિત્તે આવ્યા હતા. અનેક મુશ્કેલીઓ વેઠી પાલીતાણા સ્વયં સેવક સમાજ સાથે રહી બહુ ઉપયોગી સેવા બજાવી હતી, ત્યારબાદ તે બંધુઓ ભાવનગર આવ્યા હતા. તેમની હકીકત સાંભળવા તેમનો સત્કાર કરવા શ્રી જૈન આત્માનંદ સભાના મકાનમાં એક મેળાવડો કરવામાં આવ્યો હતો. પૂજ્યસ્થાને શ્રીમાન્ પ્રવર્ત્તકજી મહારાજ કાન્તિવિજયજી મહારાજ બીરાજ્યા હતા. જે વખતે ઉક્ત સ્વયંસેવક બંધુઓએ પોતાની હકીકત કહી સંભળાવી હતી બીજા વક્તાઓએ પણ તે સંબંધમાં બોલી તેમનો સત્કાર કર્યો હતો. ભાવનગર ખાતે એક સ્વયંસેવક મંડળ ઉભું કરવું તેવા વિચારો સાથે અમલમાં મૂકવાનું ઠર્યું હતું. આવું તો અત્રે અનેક બાબતમાં બોલાય છે ચર્ચાય છે છતાં પાછવાડે તે તમામ કાંઇ થતું હોતુંજ નથી. તે થવા-કરવા ખાસ વિનંતિ કરવામાં આવે છે. તે સાથે સિદ્ધાચળજી ઉપર મૂળનાયકજીની પૂજા કરવાની બાબતમાં જુદી જુદી યોજના બાબત શેઠ શ્રી આણંદજી કલ્યાણજીને અમદાવાદ લખી મોકલવું વગેરે હકીકતો ચર્ચાણી હતી. છેવટ પૂજ્ય પ્રવર્ત્તકજી મહારાજ કાન્તિવિજયજી મહારાજે પ્રસંગાનુસરતી અનેક હિતશિક્ષાઓ આપી હતી. પરસ્પર પ્રેમ રાખવા ખાસ ભાર દઈ જણાવ્યું હતું. ત્યારબાદ મેળાવડો વિસર્જન થયો હતો.

* * * *

શ્રી ઇડરગઢના બાવન જિનાલયના જીર્ણોદ્ધારના સંબંધમાં તેના કાર્યવાહક ઝવેરી જીવણચંદભાઇ સાકરચંદ અમોને જણાવે છે કે, તેનો વિગતવાર રીપોર્ટ સં. ૧૯૭૫માં પ્રસિદ્ધ થયેલ હતો, તેમાં રૂા. ૮૩૧૪૩-૯-૩ મદદ આવેલા પ્રસિદ્ધ કરવામાં આવી હતી, પરંતુ તે દરમ્યાન તેમાં ખર્ચ રૂા. ૧૦૬૪૯૫-૧૨-૪ નો થયો હતો, જે હકીકત પણ રીપોર્ટમાં જણાવેલ હતી, જેથી મદદ ઉપરાંતનો ખર્ચ જેટલી રકમ બીજા ધાર્મિક ખાતા અને ઉછીના લોકો પાસેથી લેવામાં આવી હતી, આ દેવાલય ઘણુંજ વિશાળ, પ્રાચીન અને ડુંગર ઉપર હોવાથી અને મોંઘવારીના કારણથી ધાર્યા કરતાં વધારે ખર્ચ થયો છે, છતાં કામ બાકી રહેલ હોવાથી ફરી ટીપ કરી કામ ચાલુ રાખ્યું છે, જેથી શ્રીમાન્ જૈન ગૃહસ્થોને વિનંતિ કરવામાં આવે છે કે, સદરહુ કાર્યોમાં પોતાથી બનતી યોગ્ય મદદ આપવાની જરૂર છે, રીપોર્ટ પ્રગટ થયા બાદ સં. ૧૯૭૮ સુધીમાં પણ કેટલીક રકમની આવક જુદા જુદા ધણી મારફત થઇ છે તે મુજબ નીચેના સ્થળોએ મદદ કરવા વિનંતિ છે.

**૧ શેઠ મણિભાઇ ગોકુળભાઇ ચંપાગલી** મુંબઇ
**૨ શેઠ મનસુભાઇ ભગુભાઈ** અમદાવાદ.
**૩ શેઠ આણંદજી મંગળજીની પેઢી** ઇડર [મહીકાંઠા]

હવે માત્ર બાવન દેરીના ભાંગેલા પાટડા નવા નાખવા ૪૦ કમાનો તથા પાછલા ભાગની ભીંતો અને પબાસન વગેરે માટે રૂા. ૨૫૦૦૦) ની જરૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઘણીજ થોડી નકલો સિલિકે છે.

## "પ્રાચીન જૈન લેખ સંગ્રહ (ઇતિહાસિક ગ્રંથ.)"

જૈનધર્મની ઐતિહાસિક દૃષ્ટિએ પ્રાચીનતા, ગૌરવતા, પ્રભાવશાલિતા, જણાવનાર કોઇ સાહિત્ય હોય તો પ્રથમ જૈન પ્રાચીન લેખો છે, કે જેનો એક આ અમુલ્ય સંગ્રહ છે.

કોઈપણ ધર્મની પ્રાચીનતા જાણવા-જણાવવા માટે તામ્રલેખો શિલાલેખો; પ્રતિમા-મૂર્ત્તિ ઉપરના લેખો તે સત્ય પુરાવારૂપ છે અને તેથીજ આ "પ્રાચીન જૈન લેખ સંગ્રહ ગ્રંથ" જૈન અને જૈનેતર વિદ્વાનો, સાહિત્ય રસિકો, ઇતિહાસના પ્રેમીઓ માટે ઉપયોગી હોઇ પ્રકટ થયા પહેલાં ઘણી કોપીઓની માગણી થઈ ચુકી હતી.

આ ગ્રંથમાં શિલાલેખો અને પાષાણુ પ્રતિમા ઉપરના લેખોનોજ સંગ્રહ છે. આવા લેખ સંગ્રહ રાજકીય, સામાજીક, ધાર્મિક આદિ અનેક મહત્વની બાબતો અને અનેક વિવિધતાઓનો ઉલ્લેખ કરાયેલ હોવાથી જૈનદર્શન એકલાનાજ નહીં પરંતુ તે તે કાળના સાર્વજનિક ઇતિહાસ માટે તે ઘણું કિંમતિ થઇ પડેલ છે.

આ સંગ્રહમાં એકંદર ૫૫૭ લેખો છે. કયા લેખો કયાંથી મળ્યા અગર લેવામાં આવ્યા, તેની સુચના તે તે લેખના અવલોકનમાં વિસ્તારથી આપવામાં આવેલ છે.

આ સંગ્રહમાં જુનામાં જુનો લેખ નંબર ૩૧૮નો હસ્તીકુંડીનો છે, જે વિક્રમ સંવત ૯૯૬ ની સાલનો અને નવો લેખ ૧૯૦૩ ની સાલનો એટલે સમયની દૃષ્ટિએ વિક્રમની દશમી સદીથી વીસમી સદી સુધી એટલે કે એક હજાર વર્ષના લેખોનો આ ગ્રંથમાં સંગ્રહ છે. ટુંકામાં આ ગ્રંથ ઇતિહાસની દૃષ્ટિએ એટલો બધો પ્રિય થઇ પડેલ છે કે, જૈનેતર વિદ્વાનોની આ ગ્રંથ છપાતા એટલી બધી માગણી થયેલી હતી, કે હવે પછી તેની શિલિકે કોપી ઘણીજ થોડી છે. જેથી સાહિત્ય અને ઇતિહાસના પ્રેમીયો, જૈનધર્મની પ્રાચિનતા, ગૌરવતા જાણવાના જીજ્ઞાસુઓ જલદી મંગાવી લેશે.

સદરહુ ગ્રંથ ઉંચા કાગળો ઉપર સુંદર શાસ્ત્રી ટાઇપથી છપાવી સુશોભિત બાઇડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. શુમારે આઠશેહુ પાનાનો પંચાણું ફારમનો મોટો ગ્રંથ છતાં માત્ર રૂા. ૩-૮-૦ સાડાત્રણુ રૂપૈયા કિંમત રાખવામાં આવેલ છે. પોસ્ટેજ જુદું.

---

થોડી નકલો બાકી છે, જલદી મંગાવો.

## શ્રી કુવલય માળા—કથા.

**સંસ્કૃતના અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી અને લાઇબ્રેરીના શણગાર રૂપ.**

આ સંસ્કૃત ગદ્ય પદ્યાત્મક ચંપૂ ગ્રંથ કે જે ખાસ રીતે ક્રોધ, માન, માયા લોભ અને મોહના કટુક વિપાકને અપૂર્વ દૃષ્ટાંતદ્વારા પ્રગટ કરનાર છે. આ ગ્રંથ સંસ્કૃતના અભ્યાસી હરકોઇને પઠન પાઠન માટે ઉપયોગી છે, શ્રીમાન્ રત્નપ્રભસૂરિની કૃતિનો આ બોધદાયક, ઉપદેશકારક, રસિક અને અભ્યાસને માટે ખાસ વાંચવા યોગ્ય છે, ઉંચા કેટ્રીજ પેપરો ઉપર નિર્ણયસાગર પ્રેસમાં સુંદર ટાઈપથી છપાયેલ, ઉંચા કપડાના સુશોભિત પાકા બાઇડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે, અઢીસે પાનાનો આ ગ્રંથ આટલો મોટો છતાં મુદલથી પણ ઓછી કિંમત માત્ર દોઢ રૂપીયો રાખવામાં આવેલ છે. મળવાનું ઠેકાણું. શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"તૈયાર છે. જલદી મંગાવો."

# શ્રી જૈનાચાર્યો તથા જૈન કવિઓ રચિત નાટકો.

જૈન આચાર્યો તેમજ કવિવરોએ દરેક પ્રકારના સાહિત્ય ઉપર દષ્ટિ ફેંકી, જૈન સમાજ તેમજ ઇતર દર્શનકારોને પોતાની અનેક કૃતિઓ બનાવી આશ્ચર્યચકિત કરી દીધા છે, તેટલુંજ નહીં પણ પ્રાકૃત અને સંસ્કૃત ભાષામાટે પોતાની અપૂર્વ વિદ્વત્તા પ્રકટ કરી છે, તેવા નાટકો વાંચતા ભાષાના અભ્યાસની વૃદ્ધિ થાયછે અને વાચકને પણ ઘણું જ્ઞાન થવા સાથે જૈન દર્શનના ઇતિહાસ સાહિત્યનું પણ ભાન થાય છે, સાથે રસ પડતાં આત્માની પણ નિર્મળતા થાય છે. તેવા નાટકો નીચે મુજબ અમારા તરફથી પ્રસિદ્ધ થયા છે. ઊંચા કાગળો, સુંદર ટાઇપ અને સુશોભિત બાઇડીંગથી તે પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. સર્વ એક સરખો લાભ લઇ શકે તે માટે કિંમત માત્ર નામની રાખી છે, તે નાટકો નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| ૧ દ્રૌપદી સ્વયંવર નાટક | ૦–૪–૦ | ૪ પ્રબુધ રોહિણેય નાટક | ૦–૬–૦ |
| ૨ કરૂણાવજ્રાયુધ નાટક | ૦–૪–૦ | ૫ ધર્માભ્યુદય નાટક | ૦–૬–૦ |
| ૩ કૌમુદી મિત્રાનંદ નાટક | ૦–૮–૦ | (પોસ્ટેજ જુદું) | |

મળવાનું ઠેકાણું—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

---

જલદી મંગાવો. માત્ર થોડી નકલો સીલીકે છે. જલદી મંગાવો.

# જૈન પાઠશાળા, કન્યાશાળા અને પ્રકરણના અભ્યાસીઓને ખાસ લાભ.

જૈન પાઠશાળામાં અભ્યાસ કર્તા જૈન બાળકો અને કન્યાઓ તથા પ્રકરણના અભ્યાસીઓને માટે, પ્રકરણોના ત્રણ ગ્રંથો જૈનશાળામાં પ્રતિક્રમણ પૂર્ણ થયા પછી જે પ્રથમ ચલાવવામાં આવે છે, તે ૧ જીવવિચાર વૃત્તિ, ૨ નવતત્ત્વ અવચૂરિ, ૩ તથા દંડકવૃત્તિ તે આ ત્રણ ગ્રંથો છે. તે એવી રીતે પ્રગટ કરવામાં આવેલ છે કે, મૂળ સાથે નીચેજ મૂળનું અને અવચૂરી સાથે નીચેજ અવચૂરિનું ગુજરાતીમાં ભાષાંતર આપવામાં આવેલ હોવાથી, તેમજ ભાષાંતર પણ શબ્દ અને અક્ષરસઃ સરલ અને સ્ફૂટ રીતે આપવામાં આવેલ હોવાથી, લઘુવયના બાળકો અને કન્યાઓને તે મોઢે કરવા કે અર્થ સમજવા બહુજ સુગમ પડે તેમ છે, શૈલી એવી રાખેલ છે કે વગર માસ્તરે પણ શીખી શકાય તેમ છે, જૈન પાઠશાળા, કન્યાશાળાઓમાં ખાસ ચલાવવા જેવી છે.

જૈન પાઠશાળા, કન્યાશાળા માટે મંગાવનારને ઘણી ઓછી કિંમતે (જુજ કિંમતે) માત્ર ધાર્મિક (કેળવણી) શિક્ષણના ઉત્તેજન માટે આપીશું. ધાર્મિક પરિક્ષા કે બીજા ઇનામના મેળાવડામાં ઇનામ માટે મંગાવનારને પણ અલ્પ કિંમતે આપીશું.

અન્ય માટે પણ મુદ્દલ કરતાં ઓછી કિંમત રાખવામાં આવેલ છે.

૧ નવતત્ત્વનો સુંદર બોધ—પાકી કપડાની બાઇડીંગ રૂા. ૦–૮–૦ આઠ આના, કાચું બાઇડીંગ માત્ર રૂા. ૦–૬–૦ છ આના.

૨ જીવવિચાર વૃત્તિ પાકા બાઇડીંગની માત્ર રૂા. ૦–૪–૦ ચાર આના.

૩ દંડક વિચારવૃત્તિ પાકા બાઇડીંગના માત્ર રૂા. ૦–૫–૦ પાંચઆના (પો. જુદું.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ફંડમાં સારી રકમ જમા છે. અને તેના કાર્યં વાહકો ઉત્સાહી તેમજ મુનિરાજોની સલાહ પ્રમાણે ઘણા ભાગે ગ્રંથો પ્રસિદ્ધ કર્તા હોવાથી જે ગ્રંથો પ્રસિદ્ધ થાય છે તેથી જૈન સાહિત્યમાં સારી વૃદ્ધિ થાય છે—આ ખાતાના હિસાબની ચોખવટ સારી છે અને વહીવટ પણ ટ્રસ્ટીઓ યોગ્ય રીતે કરે છે, પ્રાંતે આ ખાતાના ટ્રસ્ટીઓને હવે પછી કથાનુયોગના ચરિત્રોના અને ઐતિહાસિક કેટલા ગ્રંથો ગુજરાતી સાદી સરલ ભાષામાં આ ખાતા તરફથી કેટલાક પ્રસિદ્ધ કરવાની પણ જરૂર છે તેમ સૂચના આપીયે છીયે. અને તેની ભવિષ્યમાં આબાદી ઇચ્છીયે છીયે.

**શ્રી અજીત કાવ્ય કિરણાવલી**—આ કાવ્યના ગ્રંથના કર્ત્તા પંન્યાસ શ્રીમદ્ અજીતસાગરજી મહારાજ છે. જુદા જુદા વિષયો ઉપર આ કાવ્યનો સંગ્રહ આલ્હાદ ઉપત્ન કરે તેવો છે કાવ્યો પ્રતિભાવાન તથા શૈલી ઉત્તમ છે, સર્વેને વાંચવા ભલામણ કરીયે છીયે.

પ્રસિદ્ધ કર્તા—વિઠ્ઠલભાઇ ઝવેરભાઇ પટેલ,–પેટલાદ.

---

# સંબોધ સપ્તતિકા.

## ( ભાષાંતર. )

ઉક્ત ગ્રંથ આ વર્ષે આ માસિકના ગ્રાહકોને ભેટ આપવામાં આવેલ છે, તે ગ્રંથ શ્રીમાન્ મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજના વાંચવામાં આવતા તે માંહેના પૃષ્ટ ૧૩ તથા પૃષ્ટ ૩૯ માં આવેલા શ્લોકનું ભાષાંતર જે આપવામાં આવેલ છે તે વધારે સરલતાથી સમજાય માટે તેનો વિસ્તારથી અર્થ લખી મોકલ્યો છે તે ગ્રાહકોની જાણ માટે તેમની આજ્ઞાનુસાર પ્રસિદ્ધ કરીયે છીયે.

પા. ૧૩ “ संणरणंमि ” એ શ્લોકનો ભાવાર્થ–શુદ્ધ આહારાદિક મળતાં અને તે વડે સુખે નિર્વાહ થતાં એટલે ચાલતાં સુધી ખાસ પ્રયોજન વગર અશુદ્ધ આહારાદિક લેનાર અને દેનાર બંનેને અહિતરૂપ થાય છે. અર્થાત્ ખાસ તથાવિધ અશક્ય પરિહાર જેવા પ્રયોજન વગર અશુદ્ધ આહારાદિક લેનાર દેનાર બંનેને અહિતરૂપ થાય છે, પરંતુ ખાસ તેવા રોગ પિડિત સાધુને અશક્ય પરિહારે નિપુણ વૈદ્યની સલાહથી જરૂર જણાતાં ) તેવું અશુદ્ધ પણ લેતાં હિતરૂપ કહ્યું છે.

પૃષ્ટ ૨૯ “ समिओ नियमा गुत्तो ” એ શ્લોકનો ભાવાર્થ–પાંચ સમિતિને યથાસ્થિત પાળનાર નિશ્ચે ગુપ્તિવંત હોય, પરંતુ જે મેલા આશયથી ( બગની પેરે કેવળ–કૃત્રિમ ) ગુપ્તિવંત હોય તેનામાં પાંચ સમિતિ હોઈ ન શકે–ન હોય. જે સદ્‌ભાવથી શુદ્ધ ગુપ્તિને ધારે તે સમિતિવંત જરૂર હોઇ શકે તેથી ગુપ્તિવંતમાં સમિતિની ભજના હોય એટલે સમિતિ હોય અથવા ન પણ હોય અને જે સમિતિવંત શુદ્ધ ઉપયોગમાં વર્તતો ફક્ત સંયમ નિર્વાહ અર્થે ઉચિત કરણી કરતો હોય તેનામાં ગુપ્તિ પણ અવશ્ય લાભે–સંભવે.

પૃષ્ટ ૫૧ ગાથા ૨૬ માં जइणागमो ? ને બદલે “ जिणागमो ”
પૃષ્ટ ૧૪૩ ત્રીજી લીંટી पहिणंडले ને બદલે “ पडिलेहणं ”
પૃષ્ટ ૧૪૫ ઓગણીશમી अतरं तु ને બદલે “ अतरंत ”

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુક્ત વચનો.

૧ હિત કાર્ય કરવામાં આળસ ન કરવી. વખત ગયો પાછો ન આવે. એટલે ઇચ્છા થતાંજ વિલંબ રહિત હિત કરી લેવું.

૨ જગતની માયામાં ભલાભલા ભોળાઇ ફસાઈ જાય છે, તેનાથી સાવધાન રહી બચી શકે તેજ બહાદુર છે.

૩ સજ્જન તરફનો ત્રાસ સારો પણ દુર્જનની માયા ભૂંડી.

૪ મેઘ, વૃક્ષ ને સરોવરની પેરે સંતનું જીવિત પરોપકારાર્થે છે.

૫ વહેતા પાણીની પેરે પ્રતિબંધ રહિત ફરતા સાધુ સારા રહે છે.

૬ મોહ રહિતને જ્ઞાન, ગુણ રાગીને ભક્તિ, નિર્બંધ-નિરૂપાધિને મુક્તિ અને નિર્લોભીને ખરૂં સુખ પ્રાપ્ત થઈ શકે છે.

૭ સાચા હિરા મોતીની જેવા સદ્ગુણીજનો આપ બડાઈ કરતા નથી.

૮ ભણવા માત્રથી નહીં પણ વિશુદ્ધ પ્રેમથી પંડિત થવાય છે.

૯ પંડિતે પંડિત મળે તો આનંદ, પણ મૂર્ખે મૂર્ખ મળે તો કલેશ.

૧૦ લાજ-શરમ ચતુરને, મૂર્ખને નહીં; તેને તો પેટ ભરવાનુંજ ગમે.

૧૧ નિરાગી-નિસ્પૃહીને દુનીયા બધી નમે છે. તેને કશી પરવા નથી.

૧૨ ખરી લે લાગી ત્યારે જાણવી કે તે કદી તૂટે નહીં-અતૂટ રહે.

૧૩ વિશુદ્ધ ( નિ:સ્વાર્થ ) પ્રેમ-ભક્તિની ખુમારી અજબ છે.

૧૪ ખરા સંત-સાધુને પરમાત્મ દેવસમા પવિત્ર ગણી, ભેદ રહિત મળવું ને તેની સેવા-ઉપાસના-આજ્ઞા વચન આદરી કૃતાર્થ થવું.

૧૫ દુર્લભ્ય સંત સમાગમ સમું સુખ બીજું કશું લેખી શકાય નહીં.

૧૬ ખરા સંતસાધુ અગાધ શાન્ત વૈરાગ્ય રસથી ભરેલા હોય છે.

૧૭ એવા સંત જનની સેવામાં જે દિવસ જાય તેજ લેખે ગણાય છે.

૧૮ મન વચન ને કાયામાં પુન્ય-અમૃતથી જે ભરેલા છે એટલે જેમના વિચાર વાણીને આચાર ઘણાજ પવિત્ર છે; અનેક પ્રકારના ઉપગાર કરવા-વડે જે સહુ કોઇને સુખ-શાન્તિ ઉપજાવે છે અને અન્યના લેશમાત્ર ગુણને દેખી દીલમાં પ્રસન્ન થઈ જાય છે, એવા વિરલ સંતજનો આ પૃથ્વીતળને પાવન કરી રહ્યા છે. તેમની શુદ્ધ દીલથી સેવા-ભક્તિ કરનાર ગમે તે પાવન થઇ શકે છે. પ્રમાદ કરનારને પાછળ પસ્તાવું પડે છે. ઇતિશમ્.

( મુનિ૦ ક૦ મહારાજ )

For Private And Personal Use Only